GJSR010038032023

| | | | |
|---|---|---|---|
| રજૂ તારીખઃ– | ૨૦ | ૦૩ | ૨૦૨૩ |
| નોંધ્યા તારીખઃ– | ૨૦ | ૦૩ | ૨૦૨૩ |
| ફેંસલ તારીખઃ– | ૦૨ | ૦૭ | ૨૦૨૬ |
| | વર્ષ | માસ | દિવસ |
| અવધિઃ– | ૦૩ | ૦૩ | ૧૨ |
| આંકઃ– | | ૯૧ | |

<u>ફોર્મ– "એ"</u>

**મે. સુરતના સોળમા અધિક સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટ સમક્ષ, સુરત.**

**ચુકાદા તારીખઃ ૦૨/૦૭/૨૦૨૬**

**<u>સેશન્સ કેસ નંબર–૨૦૩/૨૦૨૩.</u>**

[સલાબતપુરા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજિ.નં.૩૨૫/૨૦૧૮]

| | | |
|---|---|---|
| **ફરિયાદી.** | | **શ્રી સરકાર.** |
| ફરિયાદપક્ષ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ.એડિશ્નલ પબ્લિક પ્રોસીક્યૂટર. | | **શ્રી બી.એન.ચાવડા.** |
| **આરોપીઓ** | ૧ | **શેરખાન ઉર્ફે ભુરા સત્તારખાન પઠાણ,**<br>ઉં.૧૯ વર્ષ, ધંધોઃ માર્કેટમાં હમાલી કામ,<br>રહેવાસીઃ ઘર નં.૧૪૩, ભાઠેના–૧, પંચશીલનગર, ઉમીયામાતાના મંદિરની પાછળ, ખટોદરા, સુરત.<br>મૂળ રહેવાસીઃ કારપેટ મહોલ્લો, ગામ મલકાપુરા, તા.મલકાપુર, જિ.બુલઢાણા (મહારાષ્ટ્ર). |
| | ૨ | **સલાઉદ્દીન ઉર્ફે કાલુ સત્તારખાન પઠાણ,**<br>ઉં.૨૨ વર્ષ, ધંધોઃ માર્કેટમાં હમાલી કામ, |

| | | |
|---|---|---|
| | | રહેવાસીઃ ઘર નં.૧૪૩, ભાઠેના-૧, પંચશીલનગર, ઉમીયામાતાના મંદિરની પાછળ, ખટોદરા, સુરત.<br>મૂળ રહેવાસીઃ કારપેટ મહોલ્લો, ગામ મલકાપુરા, તા.મલકાપુર, જિ.બુલઢાણા (મહારાષ્ટ્ર). |
| | ૩ | **સદ્દામખાન સત્તારખાન પઠાણ,**<br>ઉં.૨૫ વર્ષ, ધંધોઃ સર્વિસ સ્ટેશન,<br>રહેવાસીઃ ઘર નં.૧૪૩, ભાઠેના-૧, પંચશીલનગર, ઉમીયામાતાના મંદિરની પાછળ, ખટોદરા, સુરત.<br>મૂળ રહેવાસીઃ કારપેટ મહોલ્લો, ગામ મલકાપુરા, તા.મલકાપુર, જિ.બુલઢાણા (મહારાષ્ટ્ર). |
| | ૪ | **અબ્દુલકહાર સત્તાર શેખ,**<br>ઉં.૩૮ વર્ષ, ધંધોઃ ડ્રાઈવીંગ,<br>રહેવાસીઃ ઘર નં.૧૪૪, ભાઠેના-૧, પંચશીલનગર, ઉમીયામાતાના મંદિરની પાછળ, ખટોદરા, સુરત.<br>મૂળ રહેવાસીઃ દાદરી ફળિયા, ગામ તરસાડી, કોસંબા, તા.બારડોલી, જિ.સુરત. |
| | ૫ | **ચાંદ સત્તારખાન પઠાણ,**<br>ઉં.૨૦ વર્ષ, ધંધોઃ નોકરી,<br>રહેવાસીઃ ઘર નં.૧૪૩, ભાઠેના-૧, પંચશીલનગર, ઉમીયામાતાના મંદિરની પાછળ, ખટોદરા, સુરત.<br>રહેવાસીઃ ફલેટ નં.૪૦૩, ગુરુકૃપા એપાર્ટમેન્ટ, મોદી હોસ્પિટલ |

| | | |
|---|---|---|
| | | પાસે, કડોદરા, સુરત.<br>મૂળ રહેવાસીઃ કારપેટ મહોલ્લો, ગામ મલકાપુર, તા.મલકાપુર, જિ.બુલઢાણા (મહારાષ્ટ્ર). |
| | ૬ | **સત્તારખાન ઉર્ફે દાઢી ગફારખાન પઠાણ, (એબેટ)**<br>ઉં.૫૧ વર્ષ, ધંધોઃ નિવૃત્ત,<br>રહેવાસીઃ ઘર નં.૧૪૩, ભાઠેના-૧, પંચશીલનગર, ઉમીયામાતાના મંદિરની પાછળ, ખટોદરા, સુરત.<br>મૂળ રહેવાસીઃ કારપેટ મહોલ્લો, ગામ મલકાપુરા, તા.મલકાપુર, જિ.બુલઢાણા (મહારાષ્ટ્ર).<br>(નોંધઃ-આરોપી નં.૬-સત્તારખાન ગફ્ફારખાન પઠાણનાઓ તા.૨૨/૯/૨૦૨૨ ના રોજ મરણ ગયેલ છે, તે બાબતના મરણના પ્રમાણપત્રની એટેસ્ટેડ કોપી આ કામે આંક-૧૪ થી રજૂ છે, તે જોતાં આરોપી નં.૬ મરણ ગયેલ હોય, તેઓની સામેનો કેસ એબેટ કરવામાં આવેલ છે.) |
| આરોપીઓ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ.વકીલ | | **શ્રી એ.ડી .બચ્છાવ.** |

## ફોર્મ– “બી"

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૧૪/૦૯/૨૦૧૮ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૧૪/૦૯/૨૦૧૮ |
| ચાર્જશીટની તારીખ | ૦૯/૧૨/૨૦૧૮ |
| તહોમતનામું ઘડયાની તારીખ | ૦૫/૦૧/૨૦૨૪ |
| પુરાવાની શરૂઆતની તારીખ | ૦૨/૦૭/૨૦૨૪ |
| જે તારીખે ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે, તે તારીખ | ૧૬/૦૫/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૨/૦૭/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો | – |

## આરોપીઓની વિગત

| આરોપીનો ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર છૂટયાની તારીખ | ગુનાનો આરોપ મૂકયો છે. | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી | ફો.કા.સં. કલમ–૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતની અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | શેરખાન ઉર્ફે ભુરા સત્તાર ખાન પઠાણ | તારીખ ૧૭/૦૯/૧૮ | તારીખ ૨૪/૦૧/૧૯ | ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૦૭, ૩૨૬, ૩૨૫, ૩૨૩, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦(બી) તથા જી.પી. એક્ટની કલમ– ૧૩૫ મુજબ. | નિર્દોષ | ના | ૦૦ વર્ષ ૦૪ માસ ૦૭ દિવસ |
| ૨ | સલાઉદ્દીન ઉર્ફે કાલુ સત્તાર ખાન પઠાણ | તારીખ ૧૭/૦૯/૧૮ | તારીખ ૨૪/૦૧/૧૯ | | નિર્દોષ | ના | ૦૦ વર્ષ ૦૪ માસ ૦૭ દિવસ |
| ૩ | સદ્દામ ખાન સત્તાર ખાન પઠાણ | તારીખ ૧૭/૦૯/૧૮ | તારીખ ૨૩/૦૧/૧૯ | | નિર્દોષ | ના | ૦૦ વર્ષ ૦૪ માસ ૦૬ દિવસ |
| ૪ | અબ્દુલકહાર સત્તાર શેખ | તારીખ ૧૭/૦૯/૧૮ | તારીખ ૦૪/૦૧/૧૯ | | નિર્દોષ | ના | ૦૦ વર્ષ ૦૩ માસ ૧૮ દિવસ |
| ૫ | ચાંદ સત્તાર ખાન | તારીખ ૦૩/૧૦/૧૮ | તારીખ ૨૩/૦૧/૧૯ | | નિર્દોષ | ના | ૦૦ વર્ષ ૦૩ માસ ૨૦ દિવસ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | પઠાણ | | | | | | |
| ૬ | સત્તાર ખાન ઉર્ફે દાઢી ગફાર ખાન પઠાણ, (એબેટ) | તારીખ ૦૩/૧૦/૧૮ | તારીખ ૦૧/૦૧/૧૯ | | એબેટ | – | ૦૦ વર્ષ ૦૨ માસ ૨૯ દિવસ |

## ફોર્મ–સી

## એ. ફરિયાદ પક્ષ તરફે મૌખિક પુરાવાઓનું લીસ્ટઃ–

| સાહેદ નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૧૮ | ઈમરાન સલીમખાન પઠાણ | ગુનાવાળી જગ્યાનું પંચનામું (આંક–૧૯) ના પંચસાહેદ **(વિમુખ)** |
| ૨ | ૨૪ | તનવીર ફારૂક શેખ | ગુનાવાળી જગ્યાનું પંચનામું (આંક–૧૯) ના પંચસાહેદ **(વિમુખ)** |
| ૩ | ૨૬ | અબ્દુલગની સરદાર શેખ | ઈજા પામનારના કપડાં કબજે કર્યાનું પંચનામું (આંક–૨૭) ના પંચસાહેદ **(વિમુખ)** |
| ૪ | ૩૦ | ઉસ્માન હબીબ સૈયદ | ડીસ્કવરી પંચનામું (આંક–૩૧) ના પંચસાહેદ **(વિમુખ)** |
| ૫ | ૩૯ | જફીર અબ્બાસ શેખ | સાહેદ **(વિમુખ)** |
| ૬ | ૪૦ | આસીફ ઈકબાલભાઈ પટેલ | સાહેદ |
| ૭ | ૪૧ | સાકીર મોહમદ હુસેન શેખ | આરોપીનું અટક પંચનામું (આંક–૪૨) ના પંચસાહેદ **(વિમુખ)** |
| ૮ | ૪૭ | નાસીર અબ્દુલ રહીમ શા | ડીસ્કવરી પંચનામું (આંક–૩૧) ના પંચસાહેદ **(વિમુખ)** |
| ૯ | ૪૯ | મહંમદ સાજીદ મહંમદ સલીમ શેખ | આરોપીનું અટક પંચનામું (આંક–૪૨) ના પંચસાહેદ **(વિમુખ)** |
| ૧૦ | ૫૦ | સઈદ શકુર મલીક | સાહેદ **(વિમુખ)** |
| ૧૧ | ૫૩ | ફીરોઝખાન ઉર્ફે ગુડ્ડુ સરદારખાન પઠાણ | સાહેદ **(વિમુખ)** |
| ૧૨ | ૫૪ | આબીદખાન સત્તારખાન પઠાણ | ઈજા પામનારના |

| | | | |
|---|---|---|---|
| | | | કપડાં કબજે કર્યાનું પંચનામું (આંક–૨૭) ના પંચસાહેદ (**વિમુખ**) |
| ૧૩ | ૫૫ | અનિલ રામજગ પાઠક | સાહેદ (**વિમુખ**) |
| ૧૪ | ૫૬ | હુસૈન છોટુભાઈ શેખ | સાહેદ (**વિમુખ**) |
| ૧૫ | ૫૭ | રાજાભાઈ મુકેશભાઈ નાયકા | સાહેદ (**વિમુખ**) |
| ૧૬ | ૫૮ | અકરમખાન બીસ્મીલ્લાહ ખાન પઠાણ | સાહેદ (**વિમુખ**) |
| ૧૭ | ૬૨ | યોગેશ ચંદુભાઈ રાઠોડ | સાહેદ (**વિમુખ**) |
| ૧૮ | ૬૬ | સંગીતાબેન જમીલખાન પઠાણ | સાહેદ (**વિમુખ**) |
| ૧૯ | ૬૭ | જમીલખાન અમીરખાન પઠાણ | ફરિયાદી (**વિમુખ**) |
| ૨૦ | ૭૦ | શૈલેષકુમાર બટુકભાઈ વાળંદ | એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ |
| ૨૧ | ૭૩ | ડૉ.વિનેશ બાબુલાલ શાહ | ફરિયાદીની સારવાર કરનાર તબીબ |
| ૨૨ | ૭૬ | વિજયકુમાર ભગવતભાઈ પટેલ | એફ.એસ.એલ. અધિકારી |
| ૨૩ | ૮૦ | PI મુકેશ નટવરલાલ દવે | ફરિયાદીની ફરિયાદ લેનાર |
| ૨૪ | ૮૧ | PI વિનોદભાઈ જોયતાભાઈ ચૌધરી | ત.ક.અમલદાર |

બચાવ પક્ષ તરફે કે કોર્ટ દ્વારા કોઈ સાહેદો તપાસવામાં આવેલ નથી.

## એ. <u>ફરિયાદ પક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટઃ–</u>

| **અનુ. નં.** | **આંક/ સાહેદ નંબર** | **વિગત** |
|---|---|---|
| ૧ | ૧૯/૧ | ગુનાવાળી જગ્યાનું પંચનામું. |
| ૨ | ૨૦/૧ | મુદ્દામાલ આર્ટિકલ નં.૩ સાથે નીકળેલ પંચસ્લીપ. |
| ૩ | ૨૧/૧ | મુદ્દામાલ આર્ટિકલ નં.૪ સાથે નીકળેલ પંચસ્લીપ. |
| ૪ | ૨૨/૧ | મુદ્દામાલ આર્ટિકલ નં.૫ સાથે નીકળેલ પંચસ્લીપ. |
| ૫ | ૨૭/૩ | ઈજા પામનારના કપડા કબજે કર્યાનું પંચનામું. |

| | | |
|---|---|---|
| ૬ | ૨૮/૩ | મુદ્દામાલ આર્ટિકલ નં.૧ સાથે નીકળેલ પંચસ્લીપ. |
| ૭ | ૨૯/૩ | મુદ્દામાલ આર્ટિકલ નં.૨ સાથે નીકળેલ પંચસ્લીપ. |
| ૮ | ૩૧/૪ | ડિસ્કવરી પંચનામું. |
| ૯ | ૩૨/૪ | મુદ્દામાલ આર્ટિકલ નં.૬ સાથે નીકળેલ પંચસ્લીપ. |
| ૧૦ | ૩૩/૪ | મુદ્દામાલ આર્ટિકલ નં.૭ સાથે નીકળેલ પંચસ્લીપ. |
| ૧૧ | ૩૪/૪ | મુદ્દામાલ આર્ટિકલ નં.૮ સાથે નીકળેલ પંચસ્લીપ. |
| ૧૨ | ૩૫/૪ | મુદ્દામાલ આર્ટિકલ નં.૯ સાથે નીકળેલ પંચસ્લીપ. |
| ૧૩ | ૩૬/૪ | મુદ્દામાલ આર્ટિકલ નં.૧૦ સાથે નીકળેલ પંચસ્લીપ. |
| ૧૪ | ૩૭/૪ | મુદ્દામાલ આર્ટિકલ નં.૧૧ સાથે નીકળેલ પંચસ્લીપ. |
| ૧૫ | ૩૮/૪ | મુદ્દામાલ આર્ટિકલ નં.૧૨ સાથે નીકળેલ પંચસ્લીપ. |
| ૧૬ | ૪૨/૭ | આરોપીનું અટક પંચનામું. |
| ૧૭ | ૪૩/૭ | મુદ્દામાલ આર્ટિકલ નં.૧૩ સાથે નીકળેલ પંચસ્લીપ. |
| ૧૮ | ૪૪/૭ | મુદ્દામાલ આર્ટિકલ નં.૧૪ સાથે નીકળેલ પંચસ્લીપ. |
| ૧૯ | ૪૫/૭ | મુદ્દામાલ આર્ટિકલ નં.૧૫ સાથે નીકળેલ પંચસ્લીપ. |
| ૨૦ | ૪૬/૭ | મુદ્દામાલ આર્ટિકલ નં.૧૬ સાથે નીકળેલ પંચસ્લીપ. |
| ૨૧ | ૬૮/૧૯ | ગુનાની ફરિયાદ. |
| ૨૨ | ૬૯/૧૯ | ફરિયાદીનું મરણોન્મુખ નિવેદન. |
| ૨૩ | ૭૧/૨૦ | ફરિયાદીનું મરણોન્મુખ નિવેદન લેવા બાબતની પોલીસ યાદી. |
| ૨૪ | ૭૪/૨૧ | ડીસ્ચાર્જ સર્ટિફિકેટ |
| ૨૫ | ૭૫/૨૧ | ફરિયાદીની સારવાર કર્યા અંગેનું મેડીકલ સર્ટિફિકેટ. |
| ૨૬ | ૭૭/૨૨ | સ્થળ પરીક્ષણ કરી અભિપ્રાય આપવા અંગેની પોલીસ યાદી. |
| ૨૭ | ૭૮/૨૨ | સ્થળ પરીક્ષણ અહેવાલ. |
| ૨૮ | ૮૨/૨૪ | એફ.એસ.એલ.ને મુદ્દામાલ મળ્યાની પહોંચ. |
| ૨૯ | ૮૩/૨૪ | ખટોદરા પો.સ્ટે.ના ગુનાના કામની એફ.આઈ.આર.ની નકલ. |
| ૩૦ | ૮૪/૨૪ | એફ.એસ.એલ.ના અભિપ્રાય બાબતે મુદ્દામાલના પૃથક્કરણ બાબતે લખેલ પત્ર. |
| ૩૧ | ૮૫/૨૪ | રવાનગી નોંધ. |
| ૩૨ | ૮૬/૨૪ | કલમ ઉમેરા અંગેની યાદી. |

| | | |
|---|---|---|
| ૩૩ | ૮૭/૨૪ | એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ પત્ર સાથેનો બાયોલોજીકલ પરીક્ષણ અહેવાલ. |

બચાવ પક્ષ તરફે કે કોર્ટ દ્વારા કોઈ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ નથી.

## મુદ્દામાલ પાવતી નં.૦૦/૦૦, તા.૧૪/૦૯/૨૦૧૮ ના રોજની વિગત

| અનુક્રમ નંબર | આર્ટિકલ નંબર | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧. | ૧ | ફરિયાદીએ બનાવ વખતે પહેરેલ એક નેવી બ્લુ કલરનું જીન્સ પેન્ટ તથા બે પગમાં પહેરવાના કાળા મોજા છે. |
| ૨. | ૨ | ચપ્પુ મૂકવાનું આર્મી કલરનું કવર છે. |
| ૩. | ૩ | ગુનાવાળી જગ્યાએથી કબજે કરેલ લોહીવાળું કોટન થ્રેડ અને કન્ટ્રોલ થ્રેડ. |
| ૪. | ૪ | કન્ટ્રોલ થ્રેડ. |
| ૫. | ૫ | ગુનાવાળી જગ્યાએથી કબજે કરેલ એક લાકડાના હાથાવાળો છરો. જે લાકડાના હાથાની લંબાઈ ૫ ઈંચ તથા છરાના પાનાની લંબાઈ ૧ ફૂટ ૫ ઈંચ જે છરાની પહોળાઈ સવા બે ઈંચ જે છરાનો આગળના ભાગે કાણું છે. |

## મુદ્દામાલ પાવતી નં.૦૦/૦૦, તા.૧૮/૦૯/૨૦૧૮ ના રોજની વિગત

| અનુક્રમ નંબર | આર્ટિકલ નંબર | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧. | ૬ | આરોપી–અબ્દુલ કહાર સત્તાર શેખ પાસેથી એક મરૂન કલરનું આખી બાંયનું શર્ટ તથા કાળા કલરનું પેન્ટ. |
| ૨. | ૭ | લાકડાનો ફટકો જેની લંબાઈ આશરે ૨ ફૂટ ૧ ઈંચ તથા પહોળાઈ આશરે ૪ સે.મી. તથા જાડાઈ ૨ સે.મી. છે, જેના એક છેડે બે કાણા તતા એક બાજુ તૂટેલ છે. |
| ૩. | ૮ | આરોપી–શેરખાન ઉર્ફે ભુરીયા પાસેથી એક લોખંડના હાથાવાળો જૂના જેવો કાટ ખાધેલ ગોળ હાથાવાળો છરો જેના હાથાની લંબાઈ ૫ ઈંચ જેના પાનીયાની લંબાઈ ૮ ઈંચ જે આગળથી વળેલ છે, જેની પહોળાઈ |

| | | |
|---|---|---|
| | | ૩ સે.મી. જે એક બાજુ અણીદાર છે, જેના ઉપર રતાશ પડતા છૂટાછવાયા ડાઘા છે. |
| ૪. | ૯ | આરોપી–શેરખાન ઉર્ફે ભુરીયા પાસેથી કબજે કરેલ પીળા કલરનું લાંબી બાંયવાળું ટીશર્ટ તથા કાળા કલરનું વાદળીવાળું લોઅર. |
| ૫. | ૧૦ | આરોપી–સલાઉદ્દીન ઉર્ફે કાલુ સત્તાર પઠાણ પાસેથી એક લોખંડના હાથાવાળી કાટ ચડેલ તલવાર જેનો લોખંડનો ગોળ હાથો તથા નીચે અર્ધ ગોળાકાર છે, જેના હાથાની લંબાઈ ૫ ઇંચ તથા પાનાની પહોળાઈ ૩.૫ સે.મી. જે એક બાજુ અણીદાર છે, જેના ઉપર રતાશ પડતા છૂટાછવાયા ડાઘા છે. |
| ૬. | ૧૧ | આરોપી–સલાઉદ્દીન ઉર્ફે કાલુ સત્તાર પઠાણે પહેરેલ એક કેસરી કલરનું આખી બાંયવાળું શર્ટ તથા વાદળી કલરનું જીન્સ પેન્ટ. |
| ૭. | ૧૨ | આરોપી–સદ્દામખાન સત્તારખાન પઠાણે પહેરેલ પોપટી તથા રાખોડી કલરનું આખી બાંયનું શર્ટ તથા જાંબલી કલરનું પેન્ટ. |

**<u>મુદ્દામાલ પાવતી નં.૦૦/૦૦, તા.૦૩/૧૦/૨૦૧૮ ના રોજની વિગત</u>**

| અનુક્રમ નંબર | આર્ટિકલ નંબર | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧. | ૧૩ | આરોપી–ચાંદ સત્તારખાનનાઓએ બનાવ વખતે પહેરેલ એક ડાર્ક બ્લુ કલરની આખી બાંયનું ટીશર્ટ તથા બ્લુ કલરનું જીન્સ પેન્ટ. |
| ૨. | ૧૪ | આરોપી–ચાંદ સત્તારખાન પાસેથી સંચા મશીનનો ફટકો જેની લંબાઈ ૧ ફૂટ ૮ ઇંચ. જેના ઉપર બે કાણા છે, તેના ઉપર બે લાકડાના ટુકડા છે. |
| ૩. | ૧૫ | આરોપી–સત્તારખાન ગફ્ફારખાન પઠાણે બનાવ વખતે પહેરેલ પઠાણી સીલેટીયા કલરનો કુર્તો ડ્રેસ. |
| ૪. | ૧૬ | આરોપી–સત્તારખાન પઠાણે ગુનામાં વાપરેલ લાકડાનો ગોળ વાંસ જેની લંબાઈ આશરે ૨ ફૂટ ૧ ઇંચ તથા ગોળાઈ ૧ ઇંચ છે તેની ઉપર કોઈ દેખીતા લોહીના ડાઘા નથી. |

**<u>ગુનો:</u> <u>ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭, ૩૨૬, ૩૨૫, ૩૨૩, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦(બી) તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબનો</u>.**

## ચુકાદો

(૧) આરોપીઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭, ૩૨૬, ૩૨૫, ૩૨૩, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦(બી) તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે આક્ષેપ છે.

(૧.૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદીએ સદર ગુનાની ફરિયાદ તારીખ ૧૪/૦૯/૨૦૧૮ ના રોજ આપેલ છે. આ કામના ફરિયાદી–જમીલખાન અમીરખાન પઠાણ તથા તેના મિત્રોએ ત્રણેક વર્ષ પહેલાં ભેગા મળી આરોપીઓનો ભાઈ મજીદખાન પઠાણનું ખૂન કરેલ હતું તે અંગેનો ખૂન કેસ ખટોદરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ છે તે કેસમાં ખટોદરા પોલીસે ફરિયાદી જમીલ તથા તેના મિત્રોની ધરપકડ કરેલ હતી, જે પૈકી જમીલ પેરોલ રજા ઉપર છૂટયા બાદ પણ હાજર થયેલ ન હતો અને તે મજીદખાનના મર્ડર કેસમાં મજીદના ભાઈઓ તથા તેના માતા–પિતાનાઓની સાથે સમાધાન કરી લેવા માટે અવારનવાર કહેતો હતો તેમજ વાચા કોઈને કહેવડાવતો હતો પરંતુ મજીદખાન સગાસંબંધીઓ તેની સાથે સમાધાન કરવા રાજી ન હતા. જેથી આ જમીલ કહેતો હતો કે, "તુમ સબ કો દેખ લુંગા જૈસા મજીદ કા ખૂન કરા હેના અબ તુમ મેસે તૈયાર રહેના અબ મે કિસીકો છોડુંગા નહીં." તેવી ધમકી આપતો હતો. તા.૧૩/૦૯/૨૦૧૮ ના રોજ આ કામના ફરિયાદી જમીલખાન એકલો આરોપીઓના મહોલ્લામાં આવી આરોપીઓ ઉભા હતા તે વખતે કહેતો હતો કે, "મજીદકા ખૂન કેસ કા મેરે સાથ સમાધાન કર લો નહીં તો તુમારે સાથ મેં ભી મજીદ જૈસા કાંડ હોગા તેવી ધમકી આપી ગાળ–ગલોચ કરી તેની ટુ ટવેન્ટી પલ્સર મોટર સાઈકલ ઉપર ચાલી ગયેલ હતો. ત્યારબાદ આરોપી શેરૂખાન પઠાણ ભાઠેના ચાર રસ્તા ઉપર આવેલ હુસેન ચા વાળાની દુકાન ઉપર ચા પીવા માટે ગયેલ તે વખતે જમીલખાન પઠાણ પણ ત્યાં ચા ની દુકાન પાસે તેના મિત્રોની સાથે હાજર હતો જેથી આરોપી શેરૂખાન પઠાણે તેના ઘરે જઈ, સાથેના આરોપીઓને કહેતા તેઓ બધાએ ભેગા થઈ નક્કી કરેલ કે, આ જમીલ આપણને મજીદના ખૂન બાબતે પોતાની સાથે સમાધાન કરી લેવા

માટે અવારનવાર ધાક-ધમકીઓ આપી દબાણ કરે છે, તે ભવિષ્યમાં આપણી સાથે કોઈ પણ પ્રકારનું ગુનાહિત કૃત્ય કરી શકે તેમ છે, જેથી આ જમીલનું કંઈ કરવું પડશે તેવું બધાએ નક્કી કર્યા બાદ આજે જમીલ પઠાણનું પૂરું કરી દઈએ તે જમીલ પઠાણ, ભાઠેના ચાર રસ્તા ઉપર હુસેન ચા વાળાની દુકાન પાસે ઉપર ઉભો છે તે વાત કરી તમામ આરોપીઓ પોતાના ઘરેથી હથિયાર તેમજ લાકાડના ફટકા લઈ નીકળેલ, જેમાં આરોપી-શેરૂખાન પઠાણ ઉપર એક ચપ્પુ તથા આરોપી-સત્તારખાન ઉર્ફે દાઢી પઠાણની પાસે એક લાકડાનો ફટકો તથા આરોપી-સલાઉદ્દીન ઉર્ફે કાલુ સત્તાર પઠાણના હાથમાં તલવાર તથા આરોપી-ચાંદ સત્તાર પઠાણનાએ તેના હાથમાં લાકડાનો ફટકો તથા આરોપી-સદ્દામ સત્તાર પઠાણનાએ તેના હાથમાં પ્લાસ્ટીક કાપવાનો લાંબો છરો તેમજ આરોપી અબ્દુલકહાર સત્તાર શેખનાએ તેના હાથમાં લાકડાનો ફટકો લઈ તા.૧૪/૦૯/૨૦૧૮ ના રોજ કલાક ૧:૩૦ વાગ્યાના સમયે ભાઠેના BRTS ચાર રસ્તા પાસે સલાબતપુરા, સુરત ખાતે હુસેન ચા વાળાની દુકાન પાસે ગયેલ તે વખતે ફરિયાદી જમીલખાન પઠાણ ત્યાં તેના મિત્રો સાથે વાત કરતો હતો તે વખતે તમામ આરોપીઓએ જમીલખાન પઠાણ ઉપર અચાનક હુમલો કરી દીધેલ તે વખતે તેના મિત્રો ત્યાંથી ભાગી ગયેલ હતા અને આ કામના ફરિયાદી જમીલખાન પઠાણને તમામ આરોપીઓએ ભેગા મળી આડેધડ તેના શરીરે માથાના ભાગે જમણી આંખ ઉપર બંને હાથના કાંડા ઉપર તથા પેટની જમણી બાજુ તથા પીઠના પાછળના ભાગે જીવલેણ ઈજાઓ કરી તેમજ બંને હાથના કાંડાના ભાગે ફ્રેકચરની ગંભીર ઈજા કરી, નાસી જઈ, તેમજ આ કામના આરોપીઓએ જાહેરમાં પ્રાણઘાતક હથિયારો તલવાર, લાકડાના ફટકાઓ, ચપ્પુ, છરો ધારણ કરી, ફરિયાદીના શરીરે માથાના ભાગે જમણી આંખ ઉપર બંને હાથના કાંડા ઉપર તથા પેટની જમણી બાજુ તથા પીઠના પાછળના ભાગે જીવલેણ ઈજાઓ પહોંચાડી તેમજ બંને હાથના કાંડાના ભાગે ફ્રેકચરની ગંભીર ઈજા પહોંચાડી, પોલીસ કમિશ્નરશ્રી, સુરત શહેરના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી, આ કામના આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૭, ૩૨૬, ૩૨૫, ૩૨૩, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦(બી) તથા જી.પી.એક્ટની કલમ-૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો

કરેલ છે. જે ગુના બાબતે ફરિયાદીએ ફરિયાદ આપતા સલાબતપુરા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજિ. નં.૩૨૫/૨૦૧૮ થી ગુનો નોંધવામાં આવેલ.

(૧.૨) ઉપરોક્ત ગુના અંગેની ફરિયાદ દાખલ થતાં, તપાસ એજન્સી દ્વારા જરૂરી અને યોગ્ય તપાસ કરી, આરોપીઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૭, ૩૨૬, ૩૨૫, ૩૨૩, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦(બી) તથા જી.પી.એક્ટની કલમ-૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે પુરાવો મળી આવતો હોય, આરોપીઓ વિરુદ્ધ ઉપરોક્ત ગુના અંગે વિ. છઠ્ઠા એડિશનલ સિવિલ જજ અને જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટ, સુરતનાઓની કોર્ટમાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૧૭૩ અન્વયે ચાર્જશીટ દાખલ કરેલ. આરોપીઓ વિરુદ્ધના ગુનાની ઈન્સાફી કાર્યવાહી એકમાત્ર સેશન્સ કોર્ટમાં ચાલવાપાત્ર હોય, વિદ્ધાન એડિશનલ સિવિલ જજ અને જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટ, સુરતનાઓ દ્વારા ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૦૭ અન્વયે ફરિયાદ પક્ષના આધારભૂત પુરાવાની નકલો આરોપીઓને વિનામૂલ્યે પૂરી પાડી, ફોજદારી કાર્યરીતિ સંહિતાની અન્ય જોગવાઈઓ સંબંધે આરોપીના બચાવ અંગે ખાતરી કરી, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૦૯ અન્વયે આ કેસ તા.૧૮/૦૩/૨૦૨૩ ના રોજના હુકમથી સુરતના સત્ર ન્યાયાલયમાં કમિટ કરવામાં આવેલ. જેને સેશન્સ કેસ નંબર-૨૦૩/૨૦૨૩ થી નોંધવામાં આવેલ. ત્યાર બાદ મે.મુખ્ય જિલ્લા અને સત્ર ન્યાયાધીશ સાહેબ, સુરતના હુકમ અન્વયે આ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા અત્રેની અદાલતમાં તબદિલ કરવામાં આવેલ છે.

(૧.૩) આ કામના આરોપી નં.(૬) સત્તારખાન ગફ્ફારખાન પઠાણ નાઓ તા.૨૨/૯/૨૦૨૨ ના રોજ મરણ ગયેલ છે, તે બાબતના મરણના પ્રમાણપત્રની એટેસ્ટેડ કોપી આ કામે આંક-૧૪ થી રજૂ છે, તે જોતાં આરોપી નં.૬ મરણ ગયેલ હોવાનું જણાય આવતું હોય, તેઓની સામેનો કેસ એબેટ કરવામાં આવેલ છે.

(૨) આ કામના આરોપીઓ નિયત ઠરાવ તારીખે અદાલત સમક્ષ હાજર થતાં આ પ્રકરણમાં લાગુ પડતી ફોજદારી કાર્યરીતિ સંહિતાની જોગવાઈઓનું પાલન કરેલ હોવાની ખાતરી કરી, આરોપીઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭, ૩૨૬, ૩૨૫, ૩૨૩, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦(બી) તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબના આક્ષેપિત ગુના અંગે આંક–૧૦ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. આરોપીઓના નિવેદન આ કામે આંક–૧૧ થી આંક–૧૫ સુધીની નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ તેમના વિરુદ્ધના ગુનાનો ઈન્કાર કરેલો છે અને તેમના વિરુદ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માંગણી કરેલ છે.

(૩) આરોપીઓ વિરુદ્ધ આંક–૧૦ થી ફરમાવવામાં આવેલા તહોમતનામાની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષ તરફે ઉપર દર્શાવેલ **ફોર્મ–'સી'** માં જણાવ્યા મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલા છે

(૪) ફરિયાદ પક્ષે આંક–૮૯ થી ક્લોઝીંગ પુરસીસ આપી પુરાવો પૂરો થયાનું જાહેર કરતાં, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ મુજબ આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. આરોપીઓએ તેમના વિશેષ નિવેદનમાં ફરિયાદપક્ષના કેસનો સદંતર ઈન્કાર કરેલ છે. બચાવમાં દસ્તાવેજી પુરાવા રજૂ કરવાનો ઈન્કાર કરેલ છે તેમજ બચાવમાં સાહેદો તપાસવાનો અને સોગંદ ઉપર જુબાની આપવાનો ઈન્કાર કરેલ છે.

આરોપીઓએ વિશેષમાં જણાવેલ છે કે, "પોલીસે અમને ખોટી રીતે ખોટા ગુનામાં સંડોવેલ છે. અમે કંઈ ગુનો કર્યો નથી. અમો નિર્દોષ છે."

(૫) આ કામે ફરિયાદ પક્ષે/સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એ પોતાની દલીલોમાં જણાવેલ છે કે, આ કામે આરોપીઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭, ૩૨૬, ૩૨૫, ૩૨૩, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯,

૫૦૪, ૫૦૬(૨), ૧૨૦(બી) તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબના ગુનાનું તહોમત આંક–૧૦ થી ફરમાવવામાં આવેલ છે અને ફરિયાદ પક્ષ દ્વારા તપાસવામાં આવેલ સાહેદોની જુબાની અને ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાના આધારે આરોપીઓ વિરુદ્ધનું તહોમત પુરવાર થાય છે. ફરિયાદ પક્ષ દ્વારા તપાસવામાં આવેલ ફરિયાદની સારવાર કરનાર તબીબનો પુરાવો વંચાણે લેતાં ફરિયાદીને પેટના ભાગે, છાતીના ભાગે, પીઠના ભાગે, હાથના ભાગે ફ્રેકચર તેમજ ઈજાઓ થયેલાનું જણાય આવે છે. એફ.એસ.એલ.નો પુરાવો ફરિયાદ પક્ષને મદદરૂપ થાય છે. વધુમાં, ફરિયાદ પક્ષે તપાસવામાં આવેલ પોલીસ સાહેદોએ તેમણે કરેલ કાર્યવાહી તથા તપાસ મુજબની જુબાની આપેલ છે. તપાસ કરનાર અધિકારીએ આરોપીઓ તથા મુદ્દામાલનો પંચનામાની રૂએ કબજો મેળવેલ અને આરોપીઓ વિરુદ્ધ પૂરતો પુરાવો મળી આવતાં ચાર્જશીટ કરેલ. પંચો ફરિયાદ પક્ષના કેસને સમર્થન ન કરતા હોવાથી પોલીસ સાહેદોની જુબાની ખોટી માની શકાય નહીં. ગુનાની તપાસ કરનાર અધિકારીશ્રીની જુબાનીથી અને ફરિયાદ પક્ષે રજૂ કરેલા દસ્તાવેજી પુરાવાના આધારે ફરિયાદ પક્ષે આરોપીઓ વિરુદ્ધનું તહોમત નિઃશંકપણે પુરવાર કરેલ છે. તેથી આરોપીઓને કાયદામાં નિયત કરેલ જોગવાઈઓ મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭, ૩૨૬, ૩૨૫, ૩૨૩, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦(બી) તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબના ગુના અન્વયે સખતમાં સખત સજા કરવી જોઈએ.

(૬) જયારે બચાવ પક્ષના વિ.વ.શ્રીઓએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, ફરિયાદ પક્ષે રજૂ કરેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ પરથી આરોપી વિરુદ્ધના આક્ષેપિત ગુના નિઃશંકપણે પુરવાર થતા નથી. આ કામે આરોપીઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭, ૩૨૬, ૩૨૫, ૩૨૩, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦(બી) તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબના ગુનાનું તહોમત આંક–૧૦ થી ફરમાવવામાં આવેલ છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, આ કેસમાં ફરિયાદ પક્ષના કોઈ પણ સાહેદોએ ફરિયાદ હકીકતને સમર્થન આપેલ નથી અને

તેઓ ફરી ગયેલા જાહેર થયેલા છે. કાયદા મુજબ ફરિયાદ પક્ષે તેમનો કેસ શંકાથી પર રહીને સાબિત કરવાનો હોય છે. આ કેસમાં પોલીસ કર્મચારી/અધિકારીઓએ પોતાની ફરજના ભાગરૂપે કરેલ કામગીરી અંગેનો પુરાવો આપેલ છે, પરંતુ આ સાહેદોનો પુરાવો અક્ષરશઃ વંચાણે લઈએ તો પણ ફરિયાદ પક્ષનો કેસ સાબિત થતો નથી. આ કામે પંચ સાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી. આરોપીઓ નિર્દોષ છે. ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે. નજરે જોનાર કોઈ સાહેદો નથી. જેથી ફરિયાદ પક્ષે પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરેલ ન હોય, આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા રજૂઆત કરેલ છે.

(૭) આ પ્રકરણમાં ફરિયાદ પક્ષે રજૂ કરેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા, ઉભય પક્ષકારોના વિ.વકીલશ્રીઓ દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ દલીલો, કાયદાકીય પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાનમાં લેતાં, આ પ્રકરણના ન્યાયી નિરાકરણ માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છેઃ–

૧. શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવની તારીખે, સમયે અને સ્થળે આ કામના તમામ આરોપીઓએ ગુનો કરવાના ઈરાદે, એકસંપ થઈ, ગેરકાયદેસર મંડળી બનાવી, મંડળીના સભ્યો બની, ગેરકાયદેસર મંડળીનો સમાન હેતુ પાર પાડવાના ઈરાદે, પૂર્વઆયોજીત ગુનાહિત કાવતરું રચી, ઝઘડો કરવા અને મારામારી કરવાના આશયથી તલવાર, ચપ્પુ, છરો, લાકડાના ફટકાઓ જેવા પ્રાણઘાતક હથિયારો ધારણ કરી, ફરિયાદીને સ્વેચ્છાપૂર્વક માર મારી, વ્યથા કરી, તલવાર, ચપ્પુ, છરા જેવા પ્રાણઘાતક હથિયાર વડે મહાવ્યથા પહોંચાડી, ફરિયાદીને બિભત્સ ગાળો બોલી, જાનથી મારી નાંખવાની ગુનાહિત ધમકી આપી, ફરિયાદીનું ખૂન કરવાની કોશિશ કરી તેમજ મે. પોલીસ કમિશ્નરશ્રી, સુરત શહેરનાનું હથિયાર બંધી અંગેનું જાહેરનામું અમલમાં હોવા છતાં, આરોપીઓએ તલવાર, ચપ્પુ, છરો, લાકડાના ફટકાઓ જેવા પ્રાણઘાતક હથિયારો ધારણ કરી, ફરિયાદીને તેનાથી

જીવલેણ ઈજાઓ પહોંચાડી, પોલીસ કમિશ્નરશ્રી, સુરત શહેરના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી, આ કામના આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭, ૩૨૬, ૩૨૫, ૩૨૩, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦(બી) તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

૨. શું હુકમ?

(૮) ઉપરોકત મુદ્દાઓની કારણોમાં ચર્ચા કરી છે, તે મુજબ તેના નિર્ણયો નીચે મુજબ છેઃ–

૧. નકારાત્મક.

૨. આખરી હુકમ મુજબ.

## –// કારણો //–

(૯) આ કામે ફરિયાદપક્ષ તરફથી આંક–૧૦ થી આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭, ૩૨૬, ૩૨૫, ૩૨૩, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦(બી) તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવેલું છે. જેનો આરોપીઓએ તરફે ઈન્કાર કરતાં સદર કેસ ફરિયાદપક્ષના પુરાવા પર રાખવામાં આવેલો. આ કામે ફરિયાદપક્ષનો પુરાવો તેમજ પુરાવાનું મૂલ્યાંકન કરતાં પહેલાં નીચે મુજબની કાયદાકીય જોગવાઈઓને ધ્યાને લેવી જરૂરી હોય, જે નીચે મુજબ રજૂ કરવામાં આવે છે.

**307. Attempt to murder.—**

Whoever does any act with such intention or knowledge, and under such circumstances that, if he by that act caused death, he would be guilty of murder, shall be punished with imprisonment of either description for a term which may extend to ten years, and shall also be liable to fine; and if hurt is caused to any person by such act, the offender shall be liable either to imprisonment for life, or to such punishment as is hereinbefore mentioned.

**Attempts by life-convicts.—** When any person offending under this section is under sentence of imprisonment for life, he may, if

hurt is caused, be punished with death.

**Section: 142. Being member of unlawful assembly.**

Whoever, being aware of facts which render any assembly an unlawful assembly, intentionally joins that assembly, or continues in it, is said to be a member of an unlawful assembly.

**Section: 143. Punishment**.

Whoever is a member of an unlawful assembly, shall be punished with imprisonment of either description for a term which may extend to six months, or with fine, or with both.

**Section:144. Joining unlawful assembly armed with deadly weapon.**

Whoever, being armed with any deadly weapon, or with anything which, used as a weapon of offence, is likely to cause death, is a member of an unlawful assembly, shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine, or with both.

**Section: 146. Rioting.**

Whenever force or violence is used by an unlawful assembly, or by any member thereof, in prosecution of the common object of such assembly, every member of such assembly is guilty of the offence of rioting.

**Section: 147. Punishment for rioting.**

Whoever is guilty of rioting, shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine, or with both.

**Section: 148. Rioting, armed with deadly weapon.**

Whoever is guilty of rioting, being armed with a deadly weapon or with anything which, used as a weapon of offence, is likely to cause death, shall be punished with imprisonment of either description for a term which may extend to three years, or with fine, or with both.

**Section: 149. Every member of unlawful assembly guilty of offence committed in prosecution of common object.**

If an offence is committed by any member of an unlawful assembly in prosecution of the common object of that assembly, or such as the members of that assembly knew to be likely to be

committed in prosecution of that object, every person who, at the time of the committing of that offence, is a member of the same assembly, is guilty of that offence.

**Section: 321. Voluntarily causing hurt.**

Whoever does any act with the intention of thereby causing hurt to any person, or with the knowledge that he is likely thereby to cause hurt to any person, and does thereby cause hurt to any person, is said "voluntarily to cause hurt".

**Section: 323. Punishment for voluntarily causing hurt.**

Whoever, except in the case provided for by section 334, voluntarily causes hurt, shall be punished with imprisonment of either description for a term which may extend to one year, or with fine which may extend to one thousand rupees, or with both.

**Section:324. Voluntarily causing hurt by dangerous weapons or means.**

Whoever, except in the case provided for by section 334, voluntarily causes hurt by means of any instrument for shooting, stabbing or cutting, or any instrument which, used as a weapon of offence, is likely to cause death, or by means of fire or any heated substance, or by means of any poison or any corrosive substance, or by means of any explosive substance or by means of any substance which it is deleterious to the human body to inhale, to swallow, or to receive into the blood, or by means of any animal, shall be punished with imprisonment of either description for a term which may extend to three years, or with fine, or with both.

**325. Punishment for voluntarily causing grievous hurt.**

Whoever, except in the case provided for by section 335, voluntarily causes grievous hurt, shall be punished with imprisonment of either description for a term which may extend to seven years, and shall also be liable to fine.

**326. Voluntarily causing grievous hurt by dangerous weapons or means.**

Whoever, except in the case provided for by section 335, voluntarily causes grievous hurt by means of any instrument for shooting, stabbing or cutting, or any instrument which, used as a weapon of offence, is likely to cause death, or by means of fire or any heated substance, or by means of any poison or any corrosive substance, or by means of any explosive substance, or by means of any substance which it is deleterious to the human body to inhale,

to swallow, or to receive into the blood, or by means of any animal, shall be punished with imprisonment for life, or with imprisonment of either description for a term which may extend to ten years, and shall also be liable to fine.

**Section: 504. Intentional insult with intent to provoke breach of the peace.**

Whoever intentionally insults, and thereby gives provocation to any person, intending or knowing it to be likely that such provocation will cause him to break the public peace, or to commit any other offence, shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine, or with both.

**Section: 506. Punishment for criminal intimidation.**

Whoever, commits the offence of criminal intimidation shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine, or with both.

if threat be to cause death or grievous hurt, etc.: And if the threat be to cause death or grievous hurt, or to cause the destruction of any property by fine, or to cause an offence punishable with death or [imprisonment for life] or with imprisonment for a term which may extend to seven years, or to impute unchastity to a woman, shall be punished with imprisonment of either description for a term which may extend to seven years, or with fine, or with both.

**120. Concealing design to commit offence punishable with imprisonment.**

Whoever, intending to facilitate or knowing it to be likely that he will thereby facilitate the commission of an offence punishable with imprisonment, voluntarily conceals, by any act or illegal omission, the existence of a design to commit such offence, or makes any representation which he knows to be false respecting such design,

**if offence be committed; if offence be not committed.**

shall, if the offence be committed, be punished with imprisonment of the description provided for the offence, for a term which may extend to one-fourth, and, if the offence be not committed, to one-eight, of the longest term of such imprisonment, or with such fine as is provided for the offence, or with both.

**120A. Definition of criminal conspiracy.—**

When two or more persons agree to do, or cause to be

done,

(1) an illegal act, or

(2) an act which is not illegal by illegal means, such an agreement is designated a criminal conspiracy:

Provided that no agreement except an agreement to commit an offence shall amount to a criminal conspiracy unless some act besides the agreement is done by one or more parties to such agreement in pursuance thereof.

**Explanation.**—It is immaterial whether the illegal act is the ultimate object of such agreement, or is merely incidental to that object.

**120B. Punishment of criminal conspiracy.**

(1) Whoever is a party to a criminal conspiracy to commit an offence punishable with death, imprisonment for life or rigorous imprisonment for a term of two years or upwards, shall, where no express provision is made in this Code for the punishment of such a conspiracy, be punished in the same manner as if he had abetted such offence.

(2) Whoever is a party to a criminal conspiracy other than a criminal conspiracy to commit an offence punishable as aforesaid shall be punished with imprisonment of either description for a term not exceeding six months, or with fine or with both.

**ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૧૩૫:**

**કલમ ૩૭, ૩૯ અથવા ૪૦ હેઠળ નિયમો અથવા નિર્દેશનોનું ઉલ્લંઘન કરવા બદલ દંડ.**

– જે કોઈ કલમ ૩૭, ૩૯ અથવા ૪૦ હેઠળ કાયદેસર રીતે કરવામાં આવેલ આદેશનો અનાદર કરે અથવા તેના આજ્ઞાભંગને ઉત્તેજન આપે, તે દોષિત ઠરતા સજાને પાત્ર થશે–

(i) કલમ ૩૭ ની પેટા કલમ ૧ હેઠળ અથવા કલમ ૩૯ અથવા કલમ ૪૦ હેઠળના હુકમનો અનાદર કર્યો હોય અથવા અવગણના કરવામાં આવી હોય તો કેદની સજા કે જે એક વર્ષ સુધી લંબાવી શકે છે પરંતુ, લેખિતમાં નોંધવાના કારણો સિવાય ચાર મહિનાથી ઓછા નહીં હોય અને તે દંડને પાત્ર પણ રહેશે;

(ii) જો ઉપરોક્ત હુકમ કલમ ૩૭ ની પેટા કલમ ૨ હેઠળ કરવામાં આવ્યો હોય, તો એક મહિના સુધીની કેદ અથવા એકસો રૂપિયા સુધીના દંડની સજા કરવામાં આવશે;

(iii) જો ઉક્ત હુકમ કલમ ૩૭ ની પેટા કલમ ૩ હેઠળ કરવામાં આવ્યો

હોય એકસો રૂપિયા સુધીના દંડની સજા કરવામાં આવશે.

**<u>મુદ્દા નંબર– ૧.</u>**

***<u>ફરિયાદ પક્ષના પુરાવોઃ–</u>***

**<u>મુખ્ય સાહેદોનો પુરાવોઃ–</u>**

(૧૦) આ કામે ફરિયાદ પક્ષે સાહેદ નં.૧૯ તરીકે ફરિયાદી–જમીલખાન અમીરખાન પઠાણને આંક–૬૭ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ તા.૧૩/૦૯/૨૦૧૮ ના રોજ બનેલો. તે વખતે તેમના વતનથી તેઓ સુરત ફરવા માટે આવેલા. તેઓ મજીદખાન પઠાણના ખૂન કેસમાં કાચા કામના કેદી તરીકે જેલમાં હતો અને પેરોલ ઉપર છૂટેલા હતા અને નિયત સમય મર્યાદામાં જેલમાં હાજર નહોતા થયેલ અને તેમના વતન મલકાપુર, બુલઢાણા જતા રહેલા. તેઓ સુરત આવીને રાત્રે દસ સાડા દસ વાગે તેમના મિત્ર સઈદ શકુર મલીકનાએ ફોન કરેલો અને "સુરત આવું છું, તુ મને મળજે" તેમ કીધેલુ. પછી રાત્રે અગિયાર વાગે ઉધના ત્રણ રસ્તા પાસે સઈદને મળેલ અને તેમને ભાઠેના કામ હોય તેઓ બંને ભાઠેના આવેલા. તા.૧૪/૦૯/૨૦૧૮ ના રોજ વહેલી સવારે દોઢ વાગે તેમનું કામ પૂરું થતા તેઓ બંને હુસેનભાઈની ચાની લારી ઉપર ઉભા હતા તે દરમ્યાન ત્યાં બે જૂથ વચ્ચે ધક્કા મુક્કી થયેલી અને ઘણાં બધા લોકો ભેગા થઈ ગયેલા. તે ધક્કા મુક્કીમાં તેમને જોરથી ધક્કો વાગતા તેઓ ચાની લારી ઉપર પડેલા અને ત્યાંથી જમીન ઉપર પટકાયેલ અને બેભાન થઈ ગયેલા. તેમને આમાં માથામાં, જમણી આંખ ઉપર, બંને હાથના કાંડા ઉપર, પેટની જમણી બાજુ અને પીઠ ઉપર ઈજા થયેલી અને ફ્રેકચર થયેલું. તેઓ ભાનમાં આવેલ ત્યારે સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા. તે ધક્કામુક્કી કોણે કરેલી અને કેવી રીતે થયેલી તે તેમને ધ્યાન નથી. તેમણે ટોળાના માણસોના હાથમાં કોઈ હથિયાર જોયેલા નહીં. તેઓ ઉંધા ફરીને ચા પીતા હતા જેથી તેમને કંઈ દેખાયેલું નહીં. તેમણે આ બાબતની સારવાર વખતે હોસ્પિટલમાંથી ફરિયાદ આપેલી. જે આ કામે આંક–૬૮ થી રજૂ છે, તે જોઈને સદર સાહેદ તેમાં તેમણે તેમના અંગુઠાનું નિશાન કરેલ હોવાનું જણાવી ઓળખી બતાવે છે. વધુમાં જણાવેલ છે કે, તેમને કોઈએ બદલો લેવા માટે

હથિયાર વડે માર મારેલો હોય તેવું બનેલું નથી. તેમણે ધક્કામુક્કીમાં ધક્કો વાગવાથી ઈજા થયા બાબતની ફરિયાદ આપેલી. તેમને ધક્કા મુક્કીમાં હાજર ઈસમો બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે નહીં. તેઓ હોસ્પિટલમાં દાખલ હતા ત્યારે એક સાહેબ તેમને પૂછવા આવેલા જે પોલીસે એક્ઝીકયુટીવ મેજીસ્ટ્રેટ હોવાનું જણાવેલું. તેમને પણ તેમણે તેમની સાથે ધક્કામુક્કીમાં પડી જતા ઈજા થયેલાનું જણાવેલુ. જે ડી.ડી. આ કામે આંક-૬૯ થી રજૂ છે, તે જોઈને સદર સાહેદ તેમાં તેમના અંગુઠાનું નિશાન કરેલ હોવાનું જણાવી ઓળખી બતાવે છે.

સદર સાહેદને ફરિયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરેલ છે અને વિ.એ.પી.પી.શ્રીએ ઊલટતપાસમાં પૂછી શકાય તેવા વિસ્તૃત પ્રશ્નો પૂછેલ છે, તેમ છતાં ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ નથી.

સદર સાહેદની આરોપીઓ તરફેના વિ.વ.શ્રી દ્વારા ઊલટ તપાસ કરવામાં આવેલ છે, તેમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે અંધારુ હતું. તેમણે તેમની ફરિયાદમાં કોઈ આરોપીઓના નામ લખાવેલા નથી. બનાવના સ્થળે ઘણા બધા લોકોનું ટોળું હતું. તેમને કોને ધક્કો વાગેલ તેની તેમને ખબર નથી.

(૧૧) આ કામે ફરિયાદ પક્ષે સાહેદ નં.૧૮ તરીકે સાહેદ- સંગીતાબેન જમીલખાન પઠાણને આંક-૬૬ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ ઉપરોકત સરનામે તેમની માતા સાથે રહે છે અને માન દરવાજા શાકભાજી વેચવાનો ધંધો કરી તેમનું ગુજરાન ચલાવે છે. તેમના પતિનું આખું નામ જમીલખાન અમીરખાન પઠાણ છે. તેમના પતિ હાલ લાજપોર જેલમાં કાચા કામના કેદી તરીકે છે. તેમના પિતાનું નામ ભીમરાવ શીરાડે છે. તેમના લગ્ન આજથી સાત-આઠ વર્ષ પહેલાં થયેલા. તેઓ તેમના પતિ સાથે રહે છે. તેમના પતિને કોઈએ મારેલું કે કેમ તેમને ખબર નથી. આશરે સાત વર્ષ પહેલાં તેમના પતિ સલાબતપુરામાં ચાની લારી પાસે રાત્રે ઉભા હતા ત્યારે તેના ઉપર કેટલાક લોકોએ તલવાર અને રેમ્બો છરાથી હુમલો કરેલો. તેમને તેમના માનેલા ભાઈ અન્નુભાઈનો ફોન આવેલો અને તેમને કીધેલું કે, તેમના પતિને ઘા મારેલા છે અને સિવિલ

હોસ્પિટલમાં લઈ ગયેલા છે, જેથી તેઓ અન્નુભાઈ સાથે સિવિલ હોસ્પિટલ ગયેલા, જ્યાં તેમના પતિની સારવાર ચાલુ હતી. તેમના પતિને જોતાં માથાના ભાગે જમણી આંખ ઉપર, બંને હાથના કાંડાના ભાગે ફ્રેકચર તથા પેટની જમણી બાજુ અને પીઠના પાછળના ભાગે ઈજાઓ થયેલી હતી. તેમણે આ બાબતે પૂછપરછ કરતા તેમને જાણવા મળેલ કે, ત્રણ–ચાર લોકોએ કોઈ અદાવતના કારણે તેમના પતિ ઉપર હુમલો કરેલો, પણ તે લોકો કોણ હતા અને તેમના નામ શું હતા તે તેમને જાણવા મળેલું નહીં. તેમણે આ બાબતે તેમના પતિને પૂછપરછ કરતાં તેમણે પણ અજાણ્યા માણસોએ કે જેમને તેમના પતિ ઓળખતા નથી તેમણે હુમલો કરેલાનું જણાવેલું. પોલીસે તેમની પૂછપરછ કરેલી.

સદર સાહેદને ફરિયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરેલ છે અને વિ.એ.પી.પી.શ્રીએ ઊલટતપાસમાં પૂછી શકાય તેવા વિસ્તૃત પ્રશ્નો પૂછેલ છે, તેમ છતાં ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ નથી.

સદર સાહેદની આરોપીઓ તરફેના વિ.વ.શ્રી દ્વારા ઊલટ તપાસ કરવામાં આવેલ છે, તેમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમણે બનાવ નજરે જોયેલ નથી. તેમના પતિ ઉપર મર્ડર કેસ દાખલ થયેલો હતો. તેમને આજદિન સુધી હુમલો કોણે કરેલો અને શેના માટે કરેલો તે જાણવા મળેલ નથી. તેમણે પોલીસને હુમલો કરેલાના કોઈના નામ લખાવેલ નથી.

(૧૨) આ કામે ફરિયાદ પક્ષે સાહેદ નં.૫ તરીકે સાહેદ–જફીર અબ્બાસ શેખને આંક–૩૯ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ ઉપરોક્ત જણાવેલા સરનામે રહે છે અને ભાઠેના ચાર રસ્તા ખાતે BRTS જંક્શનની સામે રઝા નગર પાસે, સેવન પાન એન્ડ કોલ્ડ્રીંક્સના નામથી દુકાન ચલાવે છે. તેઓ સવારે દસ વાગે તેમનો પાનનો ગલ્લો ખોલે છે અને રાત્રિના અગિયાર વાગે ગલ્લો બંધ કરે છે. જમીલ ખાન અમીર ખાન પઠાણ નાઓને ઓળખતા નથી. તેઓની સાથે કોઇનો ઝઘડો થયેલો કે કેમ તે બાબતની તેમને ખબર નથી. જમીર ખાનને કઇ વ્યક્તિએ, કઇ જગ્યાએ, ક્યા હથિયારથી અને શરીરના ક્યા ભાગ પર ક્યા

કારણે ઈજા કરેલી તેની તેમને ખબર નથી. પોલીસ તેમના ગલ્લે આવેલી ત્યારે તેમનું નામ–સરનામું પૂછી ગયેલી તે સિવાય તેઓ બીજી કોઈ હકીકત જાણતા નથી. તેઓ આરોપીઓને ઓળખતા નથી.

સદર સાહેદને ફરિયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરેલ છે અને વિ.એ.પી.પી.શ્રીએ ઊલટતપાસમાં પૂછી શકાય તેવા વિસ્તૃત પ્રશ્નો પૂછેલ છે, તેમ છતાં ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ નથી.

સદર સાહેદની આરોપીઓ તરફેના વિ.વ.શ્રી દ્વારા ઊલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૧૩) આ કામે ફરિયાદ પક્ષે સાહેદ નં.૬ તરીકે સાહેદ–આસીફ ઈકબાલભાઈ પટેલને આંક–૪૦ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ ઉપરોક્ત જણાવેલા સરનામે રહે છે અને સને–૨૦૧૮ માં ભાઠેના ચાર રસ્તા ખાતે BRTS જંક્શનની સામે રઝા નગર પાસે "પટેલ ટી સેન્ટર" ના નામથી ચા ની દુકાન ચલાવતા હતા. તેમની ચા ની દુકાન સવારે છ વાગ્યાના સમયે કારીગરો ખોલતા અને તેઓ દુકાન પર સવારે દસ વાગે જતા અને રાત્રિના અગિયાર વાગે દુકાન બંધ કરતા. તેઓ ફરિયાદી જમીલ ખાન અમીરખાન પઠાણ નાઓને ઓળખતા નથી. સને–૨૦૧૮ માં અગિયાર વાગે તેમની ચા ની દુકાન બંધ કરી ઘરે ચાલ્યા ગયેલા અને બીજા દિવસે દુકાને આવતા વાતોવાતથી જાણવા મળેલું કે, રાત્રિના દોઢેક વાગ્યાના સમયે ભાઠેના BRTS રોડ, શ્રીનાથ ટ્રાન્સપોર્ટ એજન્સી નામની ઓફિસ સામે જમીલ તથા તેના મિત્રોની સાથે ઉભા હતા તે વખતે પંચશીલ નગર–૧ માં રહેતા સતાર દાઢી પઠાણ જેના હાથમાં લાકડાનો ફટકો હતો તથા તેના દીકરા શેરખાન પઠાણ પાસે રેમ્બો છરો હતો, સલાઉદ્દીન સત્તાર પઠાણ પાસે તલવાર હતી, ચાંદ સતાર પઠાણ પાસે લાકડાનો ફટકો હતો, સદામ સત્તાર પઠાણના હાથમાં ત્રોફા કાપવાનો છરો હતો તથા તેના બનેવી અબ્દુલ કહાર સત્તાર શેખ પાસે લાકડાનો ફટકો હતો તેઓએ ભેગા મળી જમીલને પાછળથી આડેધડ મારવા લાગેલ અને જમીલ ત્યાં રોડ ઉપર નીચે પડી જતા ગાળ ગલોચ કરી માર મારી ગંભીર ઈજા કરતા જમીલ ખાન લોહીલુહાણ થઈ જતા તેઓ ભાગી ગયેલ ત્યારબાદ જમીલને ૧૦૮ માં મિશન

હોસ્પિટલ ખાતે લઇ ગયેલ. આ ઝઘડો જમીલ ખાન પઠાણ અને તેના મિત્રોએ ત્રણેક વર્ષ પહેલા મજીદખાનનું મર્ડર કરેલ, જેથી મજીદખાનના સગા સંબંધી અને જમીલખાન વચ્ચે અદાવત ચાલતી હતી તે અદાવતના કારણે જમીલખાનના પિતા, ભાઇઓ અને બનેવીઓએ ભેગા મળી જમીલ ખાન પઠાણને હથિયારોથી માથાના ભાગે જમણી આંખ ઉપર, બંને હાથના કાંડામાં ફ્રેકચર કરી તથા પેટની જમણી બાજુએ તથા પીઠના પાછળના ભાગે ગંભીર ઈજા કરેલ.

સદર સાહેદની આરોપીઓ તરફેના વિ.વ.શ્રી દ્વારા ઊલટ તપાસ કરવામાં આવેલ છે, તેમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ અગિયાર વાગે દુકાન બંધ કરીને તેમના ઘરે ચાલ્યા ગયેલા. ત્યારબાદ તેઓ ફરી દુકાને આવેલ નથી. તેઓ તેમની દુકાને બીજા દિવસે સવારે દસ વાગે આવેલા. તેમની દુકાને દરરોજ ઘણા બધા લોકો ચા પીવા આવતા હોય છે. આ લોકોમાંથી ચોક્કસ ક્યા વ્યક્તિએ બનાવ સંબંધેની હકીકત જણાવેલી તે હાલ તેમને યાદ નથી. તેમણે બનાવ નજરે જોયેલ નથી. બનાવ બાબતે તેમને અંગત કોઇ માહિતી નથી. તેમણે જે કોઇ હકીકત જાણેલી તે વાતોવાતથી જાણેલી.

(૧૪) આ કામે ફરિયાદ પક્ષે સાહેદ નં.૧૦ તરીકે સાહેદ–સઈદ શકુર મલીકને આંક–૫૦ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, સને–૨૦૧૮ ની સાલમાં તેઓ તેમના ઘરે હતા અને રાત્રિના સમયે તેઓ તેમના મિત્ર સાથે ચા પીવા ગયેલ હોય તેવું બનેલ નથી અને જમીલ ખાનને તેઓ ઓળખતા નથી. બનાવ કઇ રીતે અને કેવી રીતે બનેલો તેની તેમને કોઇ જાણકારી નથી કે બનાવ તેમણે નજરે જોયેલો નથી કે તેમણે કોઇને મારતા જોયેલ હોય તેવું બનેલ નથી કે તેઓ કોઇને હોસ્પિટલ લઇ ગયેલ હોય તેવું બનેલ નથી. એટલે કે, બનાવ બાબતે તેઓ કાંઇ જાણતા નથી. પોલીસે તેમનું નામ–ઠામ પૂછી તેમનું નિવેદન લખી લીધેલ હતું. આરોપીઓને ઓળખવાનો ઈન્કાર કરેલ છે. મુદ્દામાલ ઓળખવાનો પણ ઈન્કાર કરેલ છે. વધુમાં સદર સાહેદે મુદ્દામાલ આર્ટિકલ નં.૭, ૮, ૧૦, ૧૪, ૧૬ વાળા હથિયારો જોઇને આવા હથિયારો બનાવ

વખતે આરોપીઓના હાથમાં જોયા હોય તેવું બનેલાનો પણ ઈન્કાર કરેલ છે.

સદર સાહેદને ફરિયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરેલ છે અને વિ.એ.પી.પી.શ્રીએ ઊલટતપાસમાં પૂછી શકાય તેવા વિસ્તૃત પ્રશ્નો પૂછેલ છે, તેમ છતાં ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ નથી.

સદર સાહેદની આરોપીઓ તરફેના વિ.વ.શ્રી દ્વારા ઊલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૧૫) આ કામે ફરિયાદ પક્ષે સાહેદ નં.૧૧ તરીકે સાહેદ– ફીરોઝખાન ઉર્ફે ગુડ્ડુ સરદારખાન પઠાણને આંક–૫૩ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, બનાવના દિવસે તેમની તબિયત સારી ન હોય જેથી યુસુફભાઈની દુકાન પર કામ કરવા માટે જતા ન હતા અને બનાવ બાબતે તેઓ કાંઈ જાણતા નથી અને યુસુફભાઈએ તેમને કોઈ ફોન કરેલો હોય તેવું બનેલ નથી. તેઓ યુસુફભાઈના ફોનથી તેની દુકાને ગયા હોય તેવું બનેલ નથી અને ત્યાં અચાનક જમીલભાઈ ઉભા હતા ત્યાં સત્તારભાઈ વગેરે હથિયારો લઈને આવેલા હોય અને મારા–મારી ઝઘડો કરેલો હોય તેવું બનેલ નથી કે આ બનાવ તેમણે નજરે જોયેલ હોય તેવું બનેલ નથી કે બનાવ બાબતે તેઓ કાંઈ જાણતા હોય તેવું બનેલ નથી. પોલીસે તેમનું નામ–ઠામ પૂછી તેમનું નિવેદન લખી લીધેલ હતું. આ સિવાય બનાવ બાબતે તેઓ કાંઈ જાણતા નથી. વધુમાં સદર સાહેદે આરોપીઓને તેમજ મુદ્દામાલ ઓળખવાનો ઈન્કાર કરેલ છે તેમજ મુદ્દામાલ આર્ટિકલ નં.૭, ૮, ૧૦, ૧૪, ૧૬ વાળા હથિયારો જોઈને આવા હથિયારો બનાવ વખતે આરોપીઓના હાથમાં જોયા હોય તેવું બનેલાનો પણ ઈન્કાર કરેલ છે.

સદર સાહેદને ફરિયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરેલ છે અને વિ.એ.પી.પી.શ્રીએ ઊલટતપાસમાં પૂછી શકાય તેવા વિસ્તૃત પ્રશ્નો પૂછેલ છે, તેમ છતાં ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ નથી.

સદર સાહેદની આરોપીઓ તરફેના વિ.વ.શ્રી દ્વારા ઊલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૧૬) આ કામે ફરિયાદ પક્ષે સાહેદ નં.૧૩ તરીકે સાહેદ–અનિલ

રામજગ પાઠકને આંક-૫૫ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ અકરમ ખાનને ઓળખતા નથી અને તેઓ તેની સાથે કોઇ જગ્યાએ ગયા હોય તેવું બનેલ નથી. આ વખતે આરોપીઓ કોઇ હથિયારો લઇને આવેલા હોય અને જમીલખાન ઉપર વાર કરેલા હોય તેવું બનેલ નથી કે બનાવ તેમણે નજરે જોયેલ નથી. બનાવ વખતે તેઓ ત્યાં હાજર ન હતા. જેથી બનાવ કઇ રીતે અને કેવી રીતે બનેલો તે બાબતે તેમને કોઇ જાણકારી નથી. પોલીસે તેમનું નામ-ઠામ પૂછી તેમનું નિવેદન લખી લીધેલ હતું. વધુમાં સદર સાહેદે આરોપીઓને તેમજ મુદ્દામાલ ઓળખવાનો ઈન્કાર કરેલ છે તેમજ મુદ્દામાલ આર્ટિકલ નં.૭, ૮, ૧૦, ૧૪, ૧૬ વાળા હથિયારો જોઇને આવા હથિયારો બનાવ વખતે આરોપીઓના હાથમાં જોયા હોય તેવું બનેલાનો પણ ઈન્કાર કરેલ છે.

સદર સાહેદને ફરિયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરેલ છે અને વિ.એ.પી.પી.શ્રીએ ઊલટતપાસમાં પૂછી શકાય તેવા વિસ્તૃત પ્રશ્નો પૂછેલ છે, તેમ છતાં ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ નથી.

સદર સાહેદની આરોપીઓ તરફેના વિ.વ.શ્રી દ્વારા ઊલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૧૭) આ કામે ફરિયાદ પક્ષે સાહેદ નં.૧૪ તરીકે સાહેદ-હુસૈન છોટુભાઈ શેખને આંક-૫૬ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ ચાની લારી ચલાવી તેમના પરિવારનું ગુજરાન ચલાવે છે અને તેમની લારી ભાઠેના ચાર રસ્તા પાસે રાખે છે. સવારે ૫ વાગે તેમની લારી ખોલે છે અને સાંજે ૯-૧૦ વાગે બંધ કરે છે. તેમને ત્યાં બે માણસો કામ કરે છે. બનાવ બનેલો તે વખતે તેઓ તેમની લારી પર હાજર હતા અને આ વખતે કોઇ વચ્ચે ઝઘડો તકરાર થતા તેમણે જોયું હોય તેવું બનેલ નથી અને કોઈ મો.સા પર માણસો આવેલા હોય અને તે તેમણે નજરે જોયેલ હોય તેવું બનેલ નથી અને કોઇ વ્યકિતઓ વચ્ચે મારામારી થતાં જોયું હોય તેવું તેમણે જોયેલ નથી અને કોઇને મારતા જોયા હોય તેવું પણ બનેલ નથી. બનાવ તેમણે નજરે જોયો નથી. પાછળથી તેમને જાણવા મળેલ કે,

કાર સાથે ભાઈઓ ભાઈઓનો ઝઘડો થયેલ હોવાનું જાણવા મળેલ આ સિવાય તેઓ બીજી કોઈ હકીકત જાણતા નથી. વધુમાં, સદર સાહેદે આરોપીઓને તેમજ મુદ્દામાલ ઓળખવાનો ઈન્કાર કરેલ છે તેમજ મુદ્દામાલ આર્ટિકલ નં.૭, ૮, ૧૦, ૧૪, ૧૬ વાળા હથિયારો જોઈને આવા કોઈ હથિયારો બનાવ સમયે તેમણે જોયા હોય તેવું બનેલ નથી.

સદર સાહેદને ફરિયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરેલ છે અને વિ.એ.પી.પી.શ્રીએ ઊલટતપાસમાં પૂછી શકાય તેવા વિસ્તૃત પ્રશ્નો પૂછેલ છે, તેમ છતાં ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ નથી.

સદર સાહેદની આરોપીઓ તરફેના વિ.વ.શ્રી દ્વારા ઊલટ તપાસ કરવામાં આવેલ છે, તેમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે ફક્ત તેમનું નામ–સરનામું પૂછેલું તે સિવાય અન્ય કોઈ હકીકત લખાવેલ નથી.

(૧૮) આ કામે ફરિયાદ પક્ષે સાહેદ નં.૧૫ તરીકે સાહેદ–રાજાભાઈ મુકેશભાઈ નાયકાને આંક–૫૭ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ તા.૧૪/૦૯/૨૦૧૮ ના રોજ મજૂરી કરી ઉધના ત્રણ રસ્તા પાસે બેસેલા હતા, તેમાં બે નાના છોકરાઓ હતા અને યોગેશ નામનો છોકરો તેમની સાથે કામ કરે છે તે પણ તેમની સાથે બેસેલો હતો. તેઓ મજૂરીથી આવી થાકી ગયેલા હોય ત્યાં થોડી વાર બેસેલા અને તે વખતે લોકોનું ટોળું ભેગું થઇ ગયેલ હતું અને બોલાચાલી થવા લાગેલી તેથી તેઓ ડરના કારણે ભાગી ગયેલા હતા. બનાવ કઈ રીતે અને કેવી રીતે બનેલો તેની તેમને જાણકારી નથી. બનાવ તેમણે નજરે જોયેલ નથી કે કોઈને મારતા જોયેલા હોય તેવું પણ બનેલ નથી. તેઓ જમીલભાઈને કે અન્ય કોઈ વ્યક્તિને ઓળખતા નથી. પોલીસે તેમનું નામ–ઠામ પૂછી તેમનું નિવેદન લખી લીધેલ હતું. આ સિવાય તેઓ કાંઈ જાણતા નથી. વધુમાં, સદર સાહેદે આરોપીઓને તેમજ મુદ્દામાલ ઓળખવાનો ઈન્કાર કરેલ છે.

સદર સાહેદને ફરિયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરેલ છે અને વિ.એ.પી.પી.શ્રીએ ઊલટતપાસમાં પૂછી શકાય તેવા વિસ્તૃત પ્રશ્નો પૂછેલ છે,

તેમ છતાં ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ નથી.

સદર સાહેદની આરોપીઓ તરફેના વિ.વ.શ્રી દ્વારા ઊલટ તપાસ કરવામાં આવેલ છે, તેમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે ફક્ત તેમનું નામ–સરનામું પૂછેલું તે સિવાય અન્ય કોઈ હકીકત લખાવેલ નથી.

(૧૯) આ કામે ફરિયાદ પક્ષે સાહેદ નં.૧૬ તરીકે સાહેદ–અકરમખાન બીસ્મીલ્લાહ ખાન પઠાણને આંક–૫૮ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ બનાવના દિવસે તેમના મિત્ર સાથે હુસૈન ચા વાળાની દુકાને ચા પીવા ગયેલા અને ચા પી તેમના ઘરે ચાલ્યા ગયેલા અને ત્યારબાદ ચાની લારીએ કોઈ ઝઘડો તકરાર થયેલો, કોની વચ્ચે અને કઈ રીતે થયેલો તેની તેમને કોઈ જાણકારી નથી. બનાવ વખતે તેઓ હાજર ન હતા અને બનાવ તેમણે નજરે જોયેલો નથી. પોલીસે તેમની પાસે આવી તેમનું નામ–ઠામ પૂછી તેમનું નિવેદન લખી લીધેલ હતુ. આ સિવાય તેઓ કાંઈ જાણતા નથી. વધુમાં, સદર સાહેદે આરોપીઓને તેમજ મુદ્દામાલ ઓળખવાનો ઈન્કાર કરેલ છે.

સદર સાહેદને ફરિયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરેલ છે અને વિ.એ.પી.પી.શ્રીએ ઊલટતપાસમાં પૂછી શકાય તેવા વિસ્તૃત પ્રશ્નો પૂછેલ છે, તેમ છતાં ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ નથી.

સદર સાહેદની આરોપીઓ તરફેના વિ.વ.શ્રી દ્વારા ઊલટ તપાસ કરવામાં આવેલ છે, તેમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે ફક્ત તેમનું નામ–સરનામું પૂછેલું તે સિવાય અન્ય કોઈ હકીકત લખાવેલ નથી.

(૨૦) આ કામે ફરિયાદ પક્ષે સાહેદ નં.૧૭ તરીકે સાહેદ–યોગેશ ચંદુભાઈ રાઠોડને આંક–૬૨ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ ઉધના ત્રણ રસ્તા પાસે નાનપણથી રહે છે. તેઓ જમીલખાન અમીરખાન પઠાણનાઓને ઓળખતા નથી. રાજા નાયકા તેમનો મિત્ર છે. તે ભાઠેના રોડ પર સિદ્ધી વિનાયક મંદિર પાસે ઝૂંપડામાં રહે

છે. દોઢ–બે વર્ષ પહેલા ગણપતિ ઉત્સવ વખતે મો.સા. ઉપર રાજા નાયકા સાથે ઉધના ત્રણ રસ્તા પાસે ગણપતિ મંડપ હતો ત્યાંથી ભાઠેના રોડ પર ચા પીવા માટે તેઓ તથા રાજા બે જણા રાતના સાડા અગિયાર વાગે ગયેલા અને રાતના સાડા બારે પરત આવી ગયેલ. તેમને સલાબતપુરા પોલીસ ચોકીમાં લઈ જઈને પોલીસે પૂછેલું કે, "જમીલભાઈને ઓળખો છો" તો તેમણે "ના" પાડેલી. તેઓ ચા પીઈને તરત નીકળી ગયેલ. તેમણે કોઈને હથિયારથી માર મારતા જોયેલા નથી. તેઓ કોઈ આરોપીને ઓળખતા નથી.

સદર સાહેદને ફરિયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરેલ છે અને વિ.એ.પી.પી.શ્રીએ ઊલટતપાસમાં પૂછી શકાય તેવા વિસ્તૃત પ્રશ્નો પૂછેલ છે, તેમ છતાં ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ નથી.

સદર સાહેદની આરોપીઓ તરફેના વિ.વ.શ્રી દ્વારા ઊલટ તપાસ કરવામાં આવેલ નથી.

**<u>તબીબ સાહેદનો પુરાવોઃ–</u>**

(૨૧) ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૨૧ તરીકે ફરિયાદીની સારવાર કરનાર તબીબ–ડૉ.વિનેશ બાબુલાલ શાહને આંક–૭૩ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાના પુરાવામાં જણાવેલ છે કે, તા.૧૪/૦૯/૨૦૧૮ ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે એક દર્દી નામે જમીલ આમીર પઠાણ, ઉ.આ.૩૨ નાઓને મેટાસ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લાવેલા. દર્દીને હિસ્ટ્રી પૂછતા દર્દીએ જણાવેલ કે, તેના પર દસ થી પંદર ઈસમોએ તલવાર તથા ચપ્પુ વડે હુમલો કરતાં ઈજા થયેલ, જેની પ્રાથમિક સારવાર સિવિલ હોસ્પિટલ ખાતે કરાવેલી અને વધુ સારવાર અર્થે મેટાસ હોસ્પિટલ ખાતે દાખલ થયેલ. દર્દીનું બાહ્ય પરીક્ષણ કરતા નીચે મુજબની ઈજાઓ જોવા મળેલીઃ–

૧. ૪*૧.૫ સેમીવાળું પેટના પોલાણ સુધી ગયેલો સ્ટેબ પ્રકારનો ઘા પેટની પાછળની ડાબી બાજુ હતો જેનો એક ખુણો એક્યુટ તથા બીજો ખુણો બ્લન્ટ હતો.

૨. ૪*૧.૫ સેમીવાળો છાતીના પોલાણ સુધી ગયેલો સ્ટેબ પ્રકારનો ઘા છાતીની પાછળની ડાબી બાજુ હતો જેનો એક ખુણો એક્યુટ તથા બીજો ખુણો

બ્લન્ટ હતો.

૩.	૪*૧.૫ સેમીવાળો પેટના પોલાણ સુધી ગયેલો સ્ટેબ પ્રકારનો ઘા પેટની આગળની જમણી બાજુ હતો જેનો એક ખુણો એક્યુટ તથા બીજો ખુણો બ્લન્ટ હતો

૪.	૪*૧ સેમીવાળો સ્નાયુ સુધી ગયેલો સ્ટેબ પ્રકારનો ઘા પીઠની ડાબી બાજુ હતો જેનો એક ખુણો એક્યુટ તથા બીજો ખુણો બ્લન્ટ હતો.

૫.	૧૦*.૨*.૫ સેમીવાળો કપાયેલો ઘા આડો પીઠમાં હતો.

૬.	૧૦*.૧ થી ૧૨*૧ સેમીવાળા ૧૩ કપાયેલા ઘા માથામાં હતા.

૭.	૧૦*.૧ થી ૧૫*૧ સેમીવાળા કપાયેલા ૩ ઘા જમણા હાથમાં હતા.

૮.	૬*૧ સેમીવાળો કપાયેલો ઘા ડાબી કોણી પર હતો.

૯.	૬*૧ સેમીવાળો કપાયેલો ઘા જમણી પાપણ પર હતો.

બાહ્ય ઈજા નં.૧ થી ૪ ને સુસંગત ડાબી કીડની, જમણી કીડની તથા બરોળમાં ઈજા હતી અને પેટના પોલાણમાં લોહીનો ભરાવો હતો. આ દર્દીને ડાબી કોણીનું ફ્રેક્ચર હતું. આ દર્દીને સારવાર બાદ તારીખ ૦૪/૧૦/૨૦૧૮ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે હોસ્પિટલમાંથી ડીસ્ચાર્જ આપવામાં આવેલું. આંક–૭૪ થી રજૂ કરેલ ડીસ્ચાર્જ સર્ટિફિકેટ જોઈને તેમાં ડૉ.વી.એચ.એડીબામનાઓની સહી તથા હોસ્પિટલનું રાઉન્ડ સીલ હોવાનું જણાવી ઓળખી બતાવે છે તેમજ આંક–૭૫ થી રજૂ કરેલ મેડીકલ સર્ટિફિકેટ જોઈને તેમાં તેમની સહી તથા હોદ્ધો હોવાનું જણાવી ઓળખી બતાવે છે. વધુમાં સદર સાહેદ મુદ્ધામાલ આર્ટિકલ નં.૫ વાળો લાકડાના હાથાવાળો છરો જોઈને આવા હથિયાર વડે ઉપરોક્ત ઈજા નં.૫ થી ૯ થઈ શકે તેમ જણાવેલ છે તેમજ મુદ્ધામાલ આર્ટિકલ નં.૭ વાળો લાકડાના ફટકો જોઈને ઉપરોક્ત ઈજાઓ પૈકી કોઈ પણ ઈજા આ લાકડાના ફટકા વડે થઈ શકે નહીં તેમ જણાવેલ છે તેમજ મુદ્ધામાલ આર્ટિકલ નં.૮ વાળો લોખંડનો છરો જોઈને કહું છે કે, આવા હથિયાર વડે ઉપરોક્ત તમામ ઈજાઓ થઈ શકે તેમ જણાવેલ છે તેમજ મુદ્ધામાલ આર્ટિકલ નં.૧૦ વાળી લોખંડની તલવાર જોઈને આવા હથિયાર વડે ઉપરોક્ત તમામ ઈજાઓ થઈ શકે તેમ જણાવેલ છે.

સદર સાહેદની આરોપીઓ તરફેના વિ.વ.શ્રી દ્વારા ઊલટ તપાસ કરવામાં આવેલ છે, તેમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,

દર્દીને તેમની હોસ્પિટલમાં લાવ્યા તે અગાઉ તેની પ્રાથમિક સારવાર સિવિલ હોસ્પિટલમાં થયેલી. તેમની રૂબરૂની હિસ્ટ્રીમાં દર્દીએ તેના પર ૧૦ થી ૧૫ અજાણ્યા ઈસમોએ હુમલો કર્યાનું જણાવેલું. તેમણે આજરોજ જે મુદ્દામાલ જોઈને અભિપ્રાય આપેલ છે તે મુદ્દામાલ પોલીસે અગાઉ ક્યારેય તેમને બતાવેલ નથી કે તેમનો અભિપ્રાય મેળવેલ નથી.

**<u>સ્વતંત્ર સાહેદોનો પુરાવોઃ–</u>**

(૨૨) ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૨૦ તરીકે એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ–શૈલેષકુમાર બટુકભાઈ વાળંદને આંક–૭૦ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાના પુરાવામાં જણાવેલ છે કે, તા. ૧૪/૦૯/૨૦૧૮ ના રોજ તેઓ લીંબાયત પુરવઠા ઝોનલ કચેરીમાં ઝોનલ ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા. તા. ૧૪/૦૯/૨૦૧૮ ના રાત્રે સલાબતપુરા પોલીસ સ્ટેશન તરફથી તેઓને ડી.ડી. ના કામે બોલાવવામાં આવેલા જે કામે તેઓ મિશન હોસ્પિટલ, અઠવાલાઈન્સ, સુરત ખાતે ગયેલા હતા. ત્યાં તેઓને પો.સ.ઈ. એમ.એન.દવે સલાબતપુરા પોલીસ સ્ટેશન નાઓ દ્વારા સવારે ૩–૪૩ વાગ્યે એક પેશન્ટ નામે જમીલખાન અમીરખાન પઠાણ, રહે. ખટોદરા, સુરત નાઓને તલવાર તથા ચાકુ વડે હુમલો કરતાં નવી સિવિલ હોસ્પિટલથી સારવાર બાદ વધુ સારવાર માટે મિશન હોસ્પિટલમાં દાખલ કરેલ હોય ડી.ડી. લેવા પધારવા ચાદીમાં જણાવેલ. ત્યારબાદ તેઓએ ઈજા પામનાર પેશન્ટ જમીલખાન આમીરખાન પઠાણ નાઓનું તેમના રૂબરૂનું સવાલ જવાબના રૂપમાં ડી.ડી. લીધેલ અને જે બાબતે તેઓના ડાબા હાથના અંગુઠાનું નિશાન કરાવેલ અને તેમાં તેઓએ સહી કરેલી. આંક–૭૧ થી રજૂ પોલીસ યાદી જોઈને તેમાં પો.સ.ઈ. એમ.એન. દવે સલાબતપુરા પોલીસ સ્ટેશન નાઓની સહી તથા હોદ્દો હોવાનું જણાવી ઓળખી બતાવે છે તેમજ આંક–૬૯ થી રજૂ કરેલ ડી.ડી. ની કાર્બનપ્રત જોઈને તેમાં તેમની સહી તથા હોદ્દો હોવાનું જણાવી ઓળખી બતાવે છે.

સદર સાહેદની આરોપીઓ તરફેના વિ.વ.શ્રી દ્વારા ઊલટ તપાસ કરવામાં આવેલ છે, તેમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમને પોલીસ ચાદી આપવામાં આવેલી તે ચાદીનો અભ્યાસ કર્યા બાદ તેમણે

ડી.ડી. તૈયાર કરેલુ.

(૨૩) ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૨૨ તરીકે એફ.એસ.એલ. અધિકારી–વિજયકુમાર ભગવતભાઈ પટેલને આંક–૭૬ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાના પુરાવામાં જણાવેલ છે કે, તા.૧૪/૦૯/૨૦૧૮ ના રોજ મોબાઈલ ઈનવેસ્ટીગેશન વાન, સુરત ખાતે તેઓ તેમની ફરજ પર હાજર હતા તે વખતે સલાબતપુરા પોલીસ સ્ટેશનથી સવારે આશરે ૭ કલાકે ગુના રજી. નં.ફર્સ્ટ–૩૨૫/૨૦૧૮, ઈ.પી.કો.કલમ–૩૦૭, ૩૨૬, ૩૨૫ વગેરેના કામે સ્થળ પરીક્ષણ માટે ટેલિફોનીક વર્ધી મળતા તેઓ સરકારી વાહન જી.જે.–૧૮–જી–૫૫૧૭ લઈ ભાઠેના બી.આર.ટી.એસ. ચાર રસ્તા પાસે હાજર રહેલ. સદર સ્થળે હાજર તપાસ કરનાર અધિકારી શ્રી વી.જે.ચૌધરી, પી.આઈ.નાઓએ ગુના સંબંધે પ્રાથમિક માહિતી આપેલ તેમજ યાદી પાઠવેલ જે યાદી આ કામે આંક–૭૭ થી રજૂ છે. સદર સ્થળે ત.ક.અ.શ્રીએ કોર્ડન કરેલ જગ્યા જોતાં રોડની ત્રીજી લાઈન પર અને શ્રીનાથ સીલીટર ટ્રાન્સપોર્ટ ઓફિસની દક્ષિણે આશરે ૩૦ ફૂટના અંતરે ડામર રોડ પર આશરે ૫ ફુટના ઘેરાવમાં ભૂખરાં છૂટાછવાયા ડાઘાઓ પડેલ હતા, જેની રૂધિરની હાજરી અંગે પ્રાથમિક પરીક્ષણ કરતા રૂધિરની હાજરીની શક્યતા જણાયેલી. જેનો ડાઘા પરથી ઘસીને લીધેલ કોટન થ્રેડ બનાવેલ અને ત.ક.અ.શ્રીને સોંપેલ. સદર ડાઘાની ઉત્તર તરફ શ્રીનાથ સોલ્ટમ પાસે આવેલ ચાઈનીઝની લારી પાસે ભૂખરા ડાઘાવાળો લાકડાંના હાથાવાળો પટ્ટીનો બનાવેલ છરો પડેલ હતો, જેની રૂધિરની હાજરી અંગે પ્રાથમિક પરીક્ષણ કરતા રૂધિરની હાજરીની શક્યતા જણાયેલી, જેને કબજે લેવા સૂચન કરેલ. સદર સ્થળે આ સિવાય બીજા કોઈ નોંધપાત્ર નિશાન કે અવશેષ મળી આવેલ નથી. સદર નમૂનાઓ, ફરિયાદીના બનાવ સમયે પહેરેલ કપડાંઓ, કંટ્રોલ લોહી, આરોપીઓ મળી આવ્યેથી ગુના સમયે પહેરેલ કપડાંઓ અને તિક્ષ્ણ હથિયાર કબજે લઈ પરીક્ષણ અર્થે એફ.એસ.એલ. સુરત ખાતે મોકલવા સૂચન કરેલ. સદર સ્થળે તેમણે તેમના હસ્તાક્ષરેથી અહેવાલ તૈયાર કરી નીચે સહી કરી અહેવાલ ત.ક.અ.શ્રીના રાઈટરને સોંપેલ. સદર ગુનાવાળા સ્થળની કામગીરી તેમણે તા.૧૪/૦૯/૨૦૧૮ ના સવારે ૯:૦૦ થી ૯:૩૦ દરમ્યાન

કરેલ હતી. આંક-૭૮ થી રજૂ કરેલ સ્થળ પરીક્ષણ અહેવાલ જોઈને સદર સાહેદ તેમાં તેમની સહી તથા હોદ્દો હોવાનું જણાવી ઓળખી બતાવે છે.

સદર સાહેદની આરોપીઓ તરફેના વિ.વ.શ્રી દ્વારા ઊલટ તપાસ કરવામાં આવેલ છે, તેમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ ટેલિફોનીક વર્ધીના આધારે સ્થળ પર પહોંચેલા. સ્થળ પર પહોંચ્યા પછી તેમને પોલીસ ચાદી આપવામાં આવેલી. પોલીસ ચાદીમાં ગુના સંબંધેની તમામ હકીકતો લખેલી હતી. પોલીસે તેમને બનાવ સંદર્ભે માહિતગાર કરેલા. બનાવવાળું સ્થળ પોલીસ દ્વારા કોર્ડન કરવામાં આવેલું તે તેમના રિપોર્ટમાં લખેલ નથી. બનાવવાળી જગ્યા જાહેર રોડ છે.

**<u>પંચ સાહેદોનો પુરાવોઃ-</u>**

(૨૪) આ કામે ફરિયાદ પક્ષ તરફથી આંક-૧૯ થી ગુનાવાળી જગ્યાનું પંચનામુ રજૂ થયેલ છે. સદર પંચનામાની હકીકત પુરવાર કરવા માટે સાહેદ નં.૧ તરીકે પંચ સાહેદ-ઈમરાન સલીમખાન પઠાણને આંક-૧૮ થી તેમજ સદર પંચનામાના બીજા પંચ સાહેદ-તનવીર ફારૂક શેખને સાહેદ નં.૨ તરીકે આંક-૨૪ થી તપાસવામાં આવેલ છે. તેઓની તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, સને-૨૦૧૮ ની સાલમાં પોલીસે તેમને પોલીસ સ્ટેશનમાં બોલાવેલા, ત્યાં તેમને તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતાં કાગળો પર સહી કરી આપેલી હતી. તેઓ કોઈ ગુનાવાળી જગ્યાએ ગયા હોય કે ત્યાં કોઈ એફ.એસ.એલ. અધિકારી હાજર હોય તેવું બનેલાનો ઈન્કાર કરેલ છે. તેમની રૂબરૂમાં કોઈ મુદ્દામાલ હથિયાર કે કોઈ ચીજવસ્તુ કબજે કરેલ હોય તેવું બનેલાનો પણ ઈન્કાર કરેલ છે. વધુમાં સદર સાહેદોએ આંક-૧૯ થી રજૂ પંચનામું જોઇને તેમાં પંચ તરીકે તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે તેમજ મુદ્દામાલ ઓળખવાનો ઈન્કાર કરેલ છે. વધુમાં સદર સાહેદોએ મુદ્દામાલ આર્ટિકલ નં.૩, ૪, ૫ સાથે નીકળેલ પંચોની સહીવાળી કાપલી કે જે આ કામે અનુક્રમે આંક-૨૦, ૨૧, ૨૨ થી રજૂ છે, તે જોઈને તેમાં પંચ તરીકે તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે.

ફરિયાદપક્ષે આ સાહેદોને હોસ્ટાઈલ જાહેર કરેલ છે. ઊલટમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછવાની પરવાનગી આપેલ છે, તેમ છતાં

પણ તેમણે પંચનામામાં જણાવેલ હકીકતોને સમર્થન આપેલ નથી.

સદર સાહેદોની આરોપીઓ તરફેના વિ.વ.શ્રી દ્વારા ઊલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૨૫) આ કામે ફરિયાદ પક્ષ તરફથી આંક–૨૭ થી ઈજા પામનારના કપડાં કબજે કર્યાનું પંચનામુ રજૂ થયેલ છે. સદર પંચનામાની હકીકત પુરવાર કરવા માટે સાહેદ નં.૩ તરીકે પંચ સાહેદ–અબ્દુલગની સરદાર શેખને આંક–૨૬ થી તેમજ સદર પંચનામાના બીજા પંચ સાહેદ–આબીદખાન સત્તારખાન પઠાણને સાહેદ નં.૧૨ તરીકે આંક–૫૪ થી તપાસવામાં આવેલ છે. તેઓની તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, સને–૨૦૧૮ ની સાલમાં પોલીસે તેમને પોલીસ સ્ટેશનમાં બોલાવેલ અને તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતાં તેમણે કાગળો ઉપર સહી કરી આપેલી હતી. તેમની હાજરીમાં કોઈ પોલીસવાળા ભાઈએ કપડા લાવી રજૂ કરતાં તે કપડા કબજે કરેલ હોય તેવું બનેલાનો ઈન્કાર કરેલ છે. વધુમાં, સદર સાહેદોએ આંક–૨૭ થી રજૂ પંચનામું જોઈને તેમાં પંચ તરીકે તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે તેમજ મુદ્દામાલ ઓળખવાનો ઈન્કાર કરેલ છે. વધુમાં સદર સાહેદોએ મુદ્દામાલ આર્ટિકલ નં.૧ અને ૨ સાથે નીકળેલ પંચોની સહીવાળી કાપલી કે જે આ કામે અનુક્રમે આંક–૨૮ અને ૨૯ થી રજૂ છે, તે જોઈને તેમાં પંચ તરીકે તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે.

ફરિયાદપક્ષે આ સાહેદોને હોસ્ટાઈલ જાહેર કરેલ છે. ઊલટમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછવાની પરવાનગી આપેલ છે, તેમ છતાં પણ તેમણે પંચનામામાં જણાવેલ હકીકતોને સમર્થન આપેલ નથી.

સદર સાહેદોની આરોપીઓ તરફેના વિ.વ.શ્રી દ્વારા ઊલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૨૬) આ કામે ફરિયાદ પક્ષ તરફથી આંક–૩૧ થી ડીસ્કવરી પંચનામુ રજૂ થયેલ છે. સદર પંચનામાની હકીકત પુરવાર કરવા માટે સાહેદ નં.૪ તરીકે પંચ સાહેદ–ઉસ્માન હબીબ સૈયદને આંક–૩૦ થી તેમજ સદર

પંચનામાના બીજા પંચ સાહેદ–નાસીર અબ્દુલ રહીમ શા ને સાહેદ નં.૮ તરીકે આંક–૪૭ થી તપાસવામાં આવેલ છે. તેઓની તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, સને–૨૦૧૮ ની સાલમાં પોલીસે તેમને પોલીસ સ્ટેશનમાં બોલાવેલ અને તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતાં તેમણે કાગળો ઉપર સહી કરી આપેલી હતી. તેમની હાજરીમાં કોઈ આરોપીઓ સામેથી કશુંક બતાવવા માંગતા હોય અને તેના આધારે તેઓ પોલીસ સાથે આરોપીએ બતાવેલ જગ્યા પર ગયેલ હોય અને ત્યાંથી કોઈ ચીજવસ્તુ કાઢી આપતાં તેમની હાજરીમાં તે કબજે કરવામાં આવેલ હોય તેવું બનેલાનો ઈન્કાર કરેલ છે. વધુમાં, આંક–૩૧ થી રજૂ પંચનામું જોઈને સદર સાહેદોએ તેમાં પંચ તરીકે તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે તેમજ મુદ્દામાલ ઓળખવાનો ઈન્કાર કરેલ છે. વધુમાં સદર સાહેદોએ મુદ્દામાલ આર્ટિકલ નં.૬ થી ૧૨ સાથે નીકળેલ પંચોની સહીવાળી કાપલી કે જે આ કામે અનુક્રમે આંક–૩૨ થી ૩૮ સુધીની રજૂ છે, તે જોઈને તેમાં પંચ તરીકે તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે.

ફરિયાદપક્ષે આ સાહેદોને હોસ્ટાઈલ જાહેર કરેલ છે. ઊલટમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછવાની પરવાનગી આપેલ છે, તેમ છતાં પણ તેમણે પંચનામામાં જણાવેલ હકીકતોને સમર્થન આપેલ નથી.

સદર સાહેદોની આરોપીઓ તરફેના વિ.વ.શ્રી દ્વારા ઊલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૨૭) આ કામે ફરિયાદ પક્ષ તરફથી આંક–૪૨ થી આરોપીનું અટક પંચનામુ રજૂ થયેલ છે. સદર પંચનામાની હકીકત પુરવાર કરવા માટે સાહેદ નં.૭ તરીકે પંચ સાહેદ–સાકીર મોહમદ હુસેન શેખને આંક–૪૧ થી તેમજ સદર પંચનામાના બીજા પંચ સાહેદ–મહંમદ સાજીદ મહંમદ સલીમ શેખ ને સાહેદ નં.૯ તરીકે આંક–૪૯ થી તપાસવામાં આવેલ છે. તેઓની તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, સને–૨૦૧૮ ની સાલમાં તેમને પોલીસના માણસોએ રોકીને તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતાં તેમણે સહી કરી આપેલી હતી, તે લખાણ તેમણે વાંચેલું નહીં કે પોલીસે તેમને વાંચી સંભળાવેલું નહીં. તેમની હાજરીમાં પોલીસ જાપ્તા હેઠળ કોઈ

આરોપીએ પોતાના કપડાં તથા લાકડાના ફટકા કાઢીને આપતાં પોલીસે કબજે કરેલ હોય તેવું બનેલાનો ઈન્કાર કરેલ છે. વધુમાં આંક–૪૨ થી રજૂ પંચનામું જોઈને સદર સાહેદોએ તેમાં પંચ તરીકે તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. વધુમાં સદર સાહેદોએ મુદ્દામાલ આર્ટિકલ નં.૬ થી ૧૨ સાથે નીકળેલ પંચોની સહીવાળી કાપલી કે જે આ કામે અનુક્રમે આંક–૪૩ થી ૪૬ સુધીની રજૂ છે, તે જોઈને તેમાં પંચ તરીકે તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે.

ફરિયાદપક્ષે આ સાહેદોને હોસ્ટાઈલ જાહેર કરેલ છે. ઊલટમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછવાની પરવાનગી આપેલ છે, તેમ છતાં પણ તેમણે પંચનામામાં જણાવેલ હકીકતોને સમર્થન આપેલ નથી.

સદર સાહેદોની આરોપીઓ તરફેના વિ.વ.શ્રી દ્વારા ઊલટ તપાસ કરવામાં આવેલ નથી.

**<u>પોલીસ સાહેદોનો પુરાવોઃ–</u>**

(૨૮) આ કામે ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૨૩ તરીકે ફરિયાદીની ફરિયાદ લેનાર પોલીસ સાહેદ–PI મુકેશ નટવરલાલ દવેને આંક–૮૦ થી તપાસવામાં આવેલ છે. તેઓની તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, સને–૨૦૧૮ ની સાલમાં તેઓ પો.સ.ઈ. તરીકે સલાબતપુરા પો.સ્ટે.માં તેમની ફરજ બજાવતા હતા તે દરમ્યાન તા.૧૪/૦૯/૨૦૧૮ ના રોજ પી.એસ.ઓ.એ ટેલિફોનિક તેઓને જાણ કરેલ કે, "મિશન હોસ્પિટલ પહોંચો." જેથી તેઓ મિશન હોસ્પિટલ ગયેલા અને હોસ્પિટલમાં અંદરના દર્દી તરીકે દાખલ થયેલ એક ફરિયાદી જમીલખાન આમીરખાન પઠાણ, રહે. ભાઠેના, ખટોદરા, સુરતનાઓની તેમના રૂબરૂની ફરિયાદ લીધેલ. ઉપરોકત ફરિયાદમાં તેઓએ જણાવેલ કે, "તા.૧૪/૦૯/૨૦૧૮ ના રોજ મારું કામ પતાવી કલાક ૦૧ઃ૩૦ વાગ્યાના સુમારે હું તથા મારો મિત્ર સઈદ સકુરનાઓ હુસેનભાઈની ચાની લારી ઉપર ઉભા હતા તે દરમ્યાન પાછળથી અચાનક સત્તાર દાઢી તથા તેના દીકરાઓ કાલુ સત્તાર પઠાણ, ભુરીયો સત્તાર પઠાણ, ચાંદ સત્તાર પઠાણ તથા સત્તાર દાઢીનો જમાઈ તેઓના હાથમાં તલવાર, ચપ્પુ તથા છરા જેવા હથિયારો લઈ આવી મને જેમ ફાવે તેમ ગાળો બોલવા

લાગેલા અને કહેલ કે, "તે મારા ભાઈ મસ્જીદખાનનું મર્ડર કરેલ છે." તેમ કહી તેઓ બધા મારા પર તૂટી પડેલા અને કાળુએ તેના હાથમાંની તલવાર મને માથામાં મારેલ અને ભુરાએ મને પેટની જમણી બાજુ પીઠના ભાગે રેમ્બો (છરો) મારેલ અને ત્યારબાદ બાકીના મારા પર જેમ ફાવે તેમ તૂટી પડેલા અને તેઓએ મને બંને હાથના કાંડાના ભાગે તથા શરીરના ભાગે ઈજાઓ કરેલ અને ઢીકમુક્કીનો માર મારેલ અને આજુબાજુના લોકો મને ૧૦૮ ઈમરજન્સી વાનને ફોન કરતા નવી સિવિલ હોસ્પિટલ લાવેલા અને વધુ સારવાર માટે મિશન હોસ્પિટલમાં લઈ આવેલ છે" જે મતલબની આપેલી. આમ, ઉપરોકત બાબતની ફરિયાદ તેઓએ હોસ્પિટલ ખાતેથી લીધેલી અને તેમાં ફરિયાદીએ પોતાના ડાબા હાથનું અંગુઠાનું નિશાન કરેલ. જે આંક-૬૮ થી રજૂ ફરિયાદ જોઈને સદર સાહેદ તેમાં ફરિયાદ આપનાર તરીકે ફરિયાદીના ડાબા હાથના અંગુઠાનું નિશાન હોવાનું અને તેમની રૂબરૂમાં ફરિયાદ લેનાર તરીકે તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવે છે. વધુમાં જણાવેલ છે કે, ફરિયાદીની ફરિયાદ નોંધ્યા બાદ વધુ તપાસ પો.ઈ. વી.જે. ચૌધરીનાઓએ કરેલ. વધુમાં સદર સાહેદે ફરિયાદીની ફરિયાદમાંનો વિરોધાભાસ પુરવાર કરેલ છે.

સદર સાહેદની આરોપીઓ તરફેના વિ.વ.શ્રી દ્વારા ઊલટ તપાસ કરવામાં આવેલ છે, તેમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સદર ગુનાના કામે તેમણે ફરિયાદ લીધા સિવાય બીજી કોઈ કામગીરી કરેલ નથી.

(૨૯) આ કામે ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૨૪ તરીકે ત.ક.અમલદાર-PI વિનોદભાઈ જોયતાભાઈ ચૌધરીને આંક-૮૧ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, સને-૨૦૧૮ ની સાલમાં તેઓ પો.ઈ. તરીકે સલાબતપુરા પો.સ્ટે.માં તેમની ફરજ બજાવતા હતા તે દરમ્યાન તા.૧૪/૦૯/૨૦૧૮ ના રોજ તેઓએ સલાબતપુરા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૩૨૫/૨૦૧૮, ઈ.પી.કો.ની કલમ-૩૦૭, ૩૨૬ વિગેરેના કામની ફરિયાદની તપાસ દરમ્યાન તા.૧૪/૦૯/૨૦૧૮ ના રોજ કલાક ૦૯:૦૦ થી ૩૦:૧૦ દરમ્યાન બનાવવાળી જગ્યા યુસુફ હુસેન શેખ, રહે. ભાઠેના, સુરતનાઓએ બે પંચો

રૂબરૂ બતાવતા તે ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલ અને પંચનામા દરમ્યાન એફ.એસ.એલ. અધિકારીને બોલાવેલ હોય તેઓએ બનાવવાળી જગ્યાએથી ભૂખરા રંગના ડાઘાવાળુ કોટન થ્રેડ તથા કંટ્રોલ કોટન થ્રેડ મેળવી તપાસના કામે માર્ક–એ તથા માર્ક–બી આપી તપાસના કામે સામેલ રાખેલ. જે આંક–૧૯ થી રજૂ પંચનામું જોઈને તેમાં તેમની તથા પંચોની સહી હોવાનું જણાવી ઓળખી બતાવે છે. વધુમાં જણાવેલ છે કે, તેમની તપાસ દરમ્યાન તારીખ ૧૪/૦૯/૨૦૧૮ ના રોજ પંચો રૂબરૂ ઈજા પામનાર જમીલખાન અમીરખાન પઠાણ, રહે. ભાઠેનાઓના બનાવ સમયે પહેરેલ કપડાં ડૉકટરશ્રીએ એ.એસ.આઈ. મહેન્દ્રભાઈ વિષ્ણુભાઈ, સલાબતપુરા પો.સ્ટે.નાઓને સોંપેલ જે કપડાં જોતાં નેવી બ્લુ કલરનું જીન્સ પેન્ટ તથા પગમાં પહેરવાનાં મોજાં જે કાપડની થેલીમાં મૂકી પંચો રૂબરૂ પંચનામાના કામે કબજે લીધેલ અને ચપ્પુ મૂકવાનું આર્મી કલરનું કવર પણ પંચનામાના કામે કબજે કરેલ. જે પંચનામુ આ કામે આંક–૨૭ થી રજૂ થયેલ છે, તે જ હોવાનું જણાવી ઓળખી બતાવે છે. વધુમાં જણાવેલ છે કે, તેમની તપાસ દરમ્યાન તા.૧૮/૦૯/૨૦૧૮ ના રોજ આરોપીઓને સાથે રાખી બનાવ સમયે પહેરેલ કપડાં તેમજ ગુનામાં વાપરેલ લાકડાનો ફટકો પંચો રૂબરૂ કાપડની થેલીમાં મૂકી તે થેલીની અંદર પંચોની સહીવાળી કાપલી મૂકી થેલી સીલ કરી તેને માર્ક–એફ આપેલ તેમજ લાકડાના ફટકાને માર્ક–જી આપી તપાસ અર્થે કબજે લીધેલ. આરોપી શેરખાન ઉર્ફે ભૂરાએ એક ચપ્પુ કાઢી રજૂ કરતા તે ચપ્પુ કાપડની થેલીમાં મૂકી દોરા વડે સીવી સીલ કરેલ અને તેને માર્ક–એચ આપેલ તેમજ બનાવ સમયે પહેરેલ કપડા કબજે લીધેલ. ત્યારબાદ આરોપી અલાઉદ્દીન ઉર્ફે કાલુ સત્તારખાન પઠાણનાઓએ અભરાઈ પર મૂકેલ ગોળ હાથાવાળી તલવાર કબજે લીધેલ અને તેને માર્ક–જે આપવામાં આવેલ તથા ઉપરોકત આરોપીના બનાવ સમયે પહેરેલ કપડાં કબજે લીધેલ અને તેને માર્ક–કે આપી કબજે લીધેલ. ત્યારબાદ આરોપી સદામખાન સત્તારખાન પઠાણનાઓએ બનાવ સમયે પહેરેલ કપડા કબજે લીધેલ અને તેને માર્ક–એલ આપેલ. સદર કામની તપાસ દરમ્યાન તા.૦૩/૧૦/૨૦૧૮ ના રોજ તેઓએ પંચો રૂબરૂ આરોપીઓ ચાંદ સત્તારખાન પઠાણ, રહે.ખટોદરા, સુરત નાઓની અટક કરેલ તેમજ તેણે બનાવ સમયે પહેરેલ કપડાં પંચનામાની રૂએ કબજે લીધેલ અને

તેને માર્ક–આર આપેલ અને તેની પાસેથી ગુનામાં વાપરેલ લાકડાનો ફટકો કબજે લીધેલ અને તેને માર્ક–એસ આપેલ અને બીજા આરોપી સત્તારખાન ગફારખાન પઠાણનાઓની અટક કરેલી તેમજ તેના બનાવ સમયે પહેરેલ કપડાં કબજે લીધેલ અને જેને માર્ક–પી આપેલ અને ગુનામાં વાપરેલ લાકડાનો ફટકો રજૂ કરતા જે લાકડાના ફટકાને માર્ક–ક્યુ આપી કબજે લીધેલ. જે પંચનામુ આ કામે આંક–૪૨ થી રજૂ છે તે જ હોવાનું જણાવે છે. વધુમાં સદર સાહેદે આંક–૮૨ થી મુદ્દામાલ મળ્યાની પહોંચ, આંક–૮૩ થી ખટોદરા પો.સ્ટે.ના ગુનાના કામની એફ.આઈ.આર.ની નકલ, આંક–૮૪ થી એફ.એસ.એલ.ના અભિપ્રાય બાબતે મુદ્દામાલના પૃથક્કરણ બાબતે લખેલ પત્ર, આંક–૮૫ થી રવાનગી નોંધ, આંક–૮૬ થી કલમ ઉમેરા અંગેની ચાદી, આંક–૮૭ થી એફ.એસ.એલનો ફોરવર્ડીંગ પત્ર સાથેનો બાયોલોજીકલ પરીક્ષણ અહેવાલ રજૂ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, તેમની તપાસ દરમ્યાન લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલા. આરોપીઓ વિરુદ્ધ પૂરતા પુરાવા હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીઓને ઓળખી બતાવેલ છે. વધુમાં, સદર સાહેદે જે સાહેદોએ ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપેલ નથી, તેમની જુબાનીમાંનો વિરોધાભાસ પુરવાર કરેલ છે.

સદર સાહેદની આરોપીઓ તરફેના વિ.વ.શ્રી દ્વારા ડીનાઈલ સ્વરૂપની ઊલટ તપાસ કરવામાં આવેલ છે.

## <u>ફરિયાદ પક્ષનો પુરાવો અને પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>

(૩૦) ઉપરોકત ફરિયાદ પક્ષના સમગ્ર પુરાવાનું મૂલ્યાંકન કરતાં આ કામના ફરિયાદીની જુબાની જોતાં ફરિયાદી કે જેઓ બનાવ વખતે બનાવ સ્થળે અને સમયે હાજર હોવા છતાં અને પોતે ઈજા પામનાર હોવા છતાં તેમણે તેમની સરતપાસમાં બનાવના દિવસે તેઓ અને તેમનો મિત્ર સઈદ શકુર મલીક બંને જણા હુસેનભાઈની ચા ની લારી ઉપર ઉભા હતા તે દરમ્યાન ત્યાં બે જૂથ વચ્ચે ધક્કા મુક્કી થવાથી ઘણા બધા લોકો ભેગા થઈ ગયેલા, તે ધક્કા મુક્કીમાં તેમને જોરથી ધક્કો વાગતાં તેઓ ચા ની લારી ઉપર પડેલા અને ત્યાંથી જમીન ઉપર પટકાયેલ અને બેભાન થઈ ગયેલા. જેથી તેમને માથામાં, જમણી આંખ ઉપર, બંને હાથના કાંડા ઉપર, પેટની જમણી બાજુ

અને પીઠ ઉપર ઈજા થયેલી અને ફ્રેકચર થયેલું, તેઓ ભાનમાં આવેલ ત્યારે સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા, ત્યારે એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ તેમને પૂછવા આવેલા તેમને પણ તેમણે તેમની સાથે ધક્કા મુક્કીમાં પડી જતાં ઈજા થયેલાનું જણાવેલું. વધુમાં સદર સાહેદે તે ધક્કા મુક્કી કોણે કરેલી અને કેવી રીતે થયેલી તે તેમને ધ્યાનમાં ન હોવાનું જણાવેલ છે તેમજ તેમણે ટોળાના માણસોના હાથમાં કોઈ હથિયાર જોયેલા હોવાનો ઈન્કાર કરેલ છે. માત્ર તેમણે આ બાબતે સારવાર વખતે હોસ્પિટલમાંથી ફરિયાદ આપેલાનું જણાવી, આંક-૬૮ થી રજૂ ફરિયાદમાં તેમના અંગૂઠાનું નિશાન હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. આમ, સદર સાહેદ ફરિયાદ પક્ષના મુખ્ય સાહેદ હોય, ખુદ ઈજા પામનાર સાહેદ હોય છતાં ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન આપેલ નથી. જેથી વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેઓને વિમુખ જાહેર કરી, તેઓની વિસ્તૃત ઊલટ તપાસ કરવા છતાં ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ નથી. વધુમાં સદર સાહેદે તેમની ઊલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે અંધારું હતું, તેમણે તેમની ફરિયાદમાં કોઈ આરોપીઓના નામ લખાવેલા નથી. બનાવના સ્થળે ઘણા બધા લોકોનું ટોળું હતું. તેમને કોનો ધક્કો વાગેલ તેની તેમને ખબર ન હોવાનું જણાવેલ છે. આમ, સદર સાહેદની જુબાનીથી હાલનો આક્ષેપિત બનાવ કેવી રીતે બનેલ તે હકીકત સ્પષ્ટ થતી નથી.

તદ્ઉપરાંત, ફરિયાદ પક્ષે સાહેદ નં.૧૮ તરીકે ફરિયાદીના પત્નીને આંક-૬૬ થી તપાસવામાં આવેલા છે, તેઓએ પણ તેમની જુબાનીમાં આશરે સાત વર્ષ પહેલાં તેમના પતિ સલાબતપુરામાં ચા ની લારી પાસે રાત્રે ઉભા હતા ત્યારે તેના ઉપર કેટલાક લોકોએ તલવાર અને રેમ્બો છરાથી હુમલો કરેલાનું જણાવેલ છે. તેમના પર તેમના માનેલા ભાઈ અન્નુભાઈનો ફોન આવતાં તેઓ સિવિલ હોસ્પિટલમાં ગયેલા હોવાનું જણાવેલ છે. તેઓ સિવિલ હોસ્પિટલ ગયેલા ત્યારે તેમના પતિની સારવાર ચાલુ હતી અને તેમના પતિને જોતાં માથાના ભાગે,જમણી આંખ ઉપર, બંને હાથના કાંડાના ભાગે ફ્રેકચર તથા પેટની જમણી બાજુ અને પીઠના પાછળના ભાગે ઈજાઓ થયેલ હોવાનું જણાવેલ છે. આ બાબતે પૂછપરછ કરતાં ત્રણ-ચાર લોકોએ કોઈ અદાવતના કારણે તેમના પતિ ઉપર હુમલો કરેલો, તેવું જાણવા

મળેલ પરંતુ તે લોકો કોણ હતા અને તેમના નામ શું હતા તે તેમને જાણવા મળેલું નહીં. સદર બનાવ સંબંધે તેમણે તેમના પતિને પૂછતાં તેમણે પણ અજાણ્યા માણસોએ કે જેમને તેમના પતિ ઓળખતા નથી, તેમણે હુમલો કરેલાનું જણાવેલું. વધુમાં, સદર સાહેદે ઊલટ તપાસમાં એ સજેશનનો સ્વીકાર કરેલ છે કે, તેમણે બનાવ નજરે જોયેલ નથી. તેમને આજદિન સુધી હુમલો કોણે કરેલો અને શેના માટે કરેલો તે જાણવા મળેલ નથી. આમ, સદર સાહેદની જુબાનીથી તેમના પતિને ઈજા પામેલી હાલતમાં હોસ્પિટલમાં જોયેલ હોવાનું અને શરીરના જુદા-જુદા ભાગે ઈજા થયેલ હોવાનું સાબિત થાય છે, પરંતુ, તે ઈજાનો બનાવ કેવી રીતે બનેલ તે તેમણે નજરે જોયેલ હોય, તેવું જણાય આવતું નથી. આમ, સદર સાહેદે ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન આપેલ નથી, જેથી સદર સાહેદને ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ વિમુખ જાહેર કરેલ છે અને તેઓની વિસ્તૃત ઊલટ તપાસ કરેલ છે, છતાં ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થનકારી પુરાવો પૂરો પાડેલ નથી.

વધુમાં, ફરિયાદ પક્ષે સાહેદ-સઈદ શકુર મલીકને આંક-૫૦ થી તપાસવામાં આવેલ છે, તેઓ ફરિયાદી/ઈજા પામનાર સાથે બનાવ વખતે બનાવવાળા સ્થળે હાજર હોવા છતાં તેમણે તેમની જુબાનીમાં બનાવ તેમણે નજરે જોયેલ હોવાનો ઈન્કાર કરેલ છે તેમજ બનાવ કઈ રીતે બનેલો તેની પણ તેમને જાણકારી હોવાનો ઈન્કાર કરેલ છે. જેથી સદર સાહેદને પણ ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ વિમુખ જાહેર કરેલ છે અને તેઓની વિસ્તૃત ઊલટ તપાસ કરેલ છે, છતાં ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થનકારી પુરાવો પૂરો પાડેલ નથી.

તે જ પ્રમાણે ફરિયાદ પક્ષે સાહેદ-જફીર અબ્બાસ શેખને આંક-૩૯ થી, સાહેદ-ફીરોઝખાન ઉર્ફે ગુડ્ડુ સરદારખાન પઠાણને આંક-૫૩ થી, સાહેદ-અનિલ રામજગ પાઠકને આંક-૫૫ થી, સાહેદ-હુસૈન છોટુભાઈ શેખને આંક-૫૬ થી, સાહેદ-રાજાભાઈ મુકેશભાઈ નાયકાને આંક-૫૭ થી, સાહેદ-અકરમખાન બીસ્મીલ્લાહ ખાન પઠાણને આંક-૫૮ થી, સાહેદ-યોગશ ચંદુભાઈ રાઠોડને આંક-૬૨ થી તપાસવામાં આવેલા છે, તેઓ તમામે પણ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં બનાવ કઈ રીતે અને કેવી રીતે બનેલો તે બાબતે તેમને કોઈ જાણકારી હોવાનો ઈન્કાર કરેલ છે તેમજ મુદ્દામાલ

હથિયાર જોઈને તે તેઓએ કોઈના હાથમાં જોયા હોય  તેવું બનેલાનો પણ ઈન્કાર કરેલ છે. જેથી ઉપરોક્ત તમામ સાહેદોને ફરિયાદ પક્ષે વિમુખ જાહેર કરેલ છે અને તેઓની વિસ્તૃત ઊલટ તપાસ કરવા છતાં તેઓ ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થનકારી પુરાવો પૂરો પાડવામાં નિષ્ફળ નિવડેલ છે. જેથી સદર સાહેદોની જુબાની ઉપર આધાર રાખી શકાય નહીં.

ત્યારબાદ ફરિયાદ પક્ષે સાહેદ–આસીફ ઈકબાલભાઈ પટેલને આંક–૪૦ થી તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, સને–૨૦૧૮ માં ૧૧–૦૦ વાગે તેમની ચા ની દુકાન બંધ કરી ઘરે ચાલ્યા ગયેલા અને બીજા દિવસે દુકાને આવતા વાતોવાતથી તેમને જાણવા મળેલ કે, રાત્રીના દોઢેક વાગ્યાના સમયે ભાઠેના BRTS રોડ, શ્રીનાથ ટ્રાન્સપોર્ટ એજન્સી નામની ઓફિસ સામે જમીલ તથા તેના મિત્રોની સાથે ઉભા હતા તે વખતે પંચશીલ નગર–૧માં રહેતા સતાર દાઢી પઠાણ જેના હાથમાં લાકડાનો ફટકો હતો તથા તેના દિકરા શેરખાન પઠાણ પાસે રેમ્બો છરો હતો, સલાઉદ્દીન સત્તાર પઠાણ પાસે તલવાર હતી, ચાંદ સતાર પઠાણ પાસે લાકડાનો ફટકો હતો, સદામ સત્તાર પઠાણના હાથમાં ત્રોફા કાપવાનો છરો હતો તથા તેના બનેવી અબ્દુલ કહાર સત્તાર શેખ પાસે લાકડાનો ફટકો હતો તેઓએ ભેગા મળી જમીલને પાછળથી આડેધડ મારવા લાગેલ અને જમીલ ત્યાં રોડ ઉપર નીચે પડી જતા ગાળ ગલોચ કરી માર મારી ગંભીર ઈજા કરતા જમીલ ખાન લોહીલુહાણ થઈ જતા તેઓ ભાગી ગયેલ ત્યારબાદ જમીલને ૧૦૮માં મીશન હોસ્પિટલ ખાતે લઈ ગયેલ. આ ઝધડો જમીલ ખાન પઠાણ અને તેના મિત્રોએ ત્રણેક વર્ષ પહેલા મજીદખાનનુ મર્ડર કરેલ જેથી મજીદખાનના સગા સંબંધી અને જમીલખાન વચ્ચે અદાવત ચાલતી હતી તે અદાવતના કારણે જમીલખાનના પિતા, ભાઈઓ અને બનેવીઓએ ભેગા મળી જમીલ ખાન પઠાણને હથિયારોથી માથાના ભાગે જમણી આંખ ઉપર, બંને હાથના કાંડામાં ફ્રેકચર કરી તથા પેટની જમણી બાજુએ તથા પીઠના પાછળના ભાગે ગંભીર ઈજા કરેલ. સદર સાહેદે તેમની ઊલટ તપાસમાં એ સજેશનનો સ્વીકાર કરેલ છે કે, તેઓ અગિયાર વાગે દુકાન બંધ કરીને તેમના ઘરે ચાલ્યા ગયેલા અને બીજા દિવસે સવારે દસ વાગે આવેલા. તેમની દુકાને દરરોજ ઘણા બધા લોકો ચા પીવા આવતા હોય

છે. આ લોકોમાંથી ચોક્કસ કયા વ્યક્તિએ બનાવ સંબંધેની હકીકત જણાવેલી તે તેમને યાદ નથી. તેમણે બનાવ નજરે જોયેલ નથી કે બનાવ બાબતે તેમને અંગત કોઈ માહિતી નથી. આમ, સદર સાહેદે પણ બનાવ નજરે જોયેલ નથી અને વાતોવાતથી સદર બનાવ અંગે જાણકારી મેળવેલ છે. આમ, સદર સાહેદની જુબાનીથી તેઓએ ઈજા પામનારને ઈજા થયેલી હોવાનું સાબિત થાય છે, પરંતુ, તે ઈજાનો બનાવ કેવી રીતે બનેલ તે તેમણે નજરે જોયેલ હોય, તેવું જણાય આવતું નથી. જેથી હાલના આરોપીઓએ આક્ષેપિત ગુનો કરેલ હોવાની હકીકત પુરવાર થતી નથી.

(૩૧) વધુમાં, આ કામે આંક–૧૯ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું, આંક–૨૭ થી ઈજા પામનારના કપડા કબજે કર્યાનું પંચનામું, આંક–૩૧ થી ડીસ્કવરી પંચનામું, આંક–૪૨ થી આરોપીનું અટક પંચનામું રજૂ થયેલ છે, સદર પંચનામાના પંચ સાહેદોનો મૌખિક પુરાવો વંચાણે લેતાં સદર પંચ સાહેદો વિમુખ જાહેર થયેલ છે અને તેમના મૌખિક પુરાવાથી પંચનામાની હકીકતોને સમર્થન પ્રાપ્ત થતું નથી. જેથી સદર પંચનામા પણ ફરિયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી. આ પંચનામાની રૂએ ફરિયાદ પક્ષે આરોપીઓ દ્વારા બનાવ વખતે વાપરેલ લાકડાનો ફટકો, લોખંડનો કાટવાળો છરો, લોખંડના હાથાવાળી તલવાર શોધેલ હોવાનું જણાવેલ છે. પરંતુ, આ પંચનામાના પંચ સાહેદોએ ઉપરોક્ત મુદ્દામાલ હથિયારો આરોપીના દિશાનિર્દેશો મુજબના રસ્તે જઈ ત્યાંથી મળી આવેલ હોવાની બાબતને સમર્થન આપેલ નથી. તે સંજોગોમાં આ પંચનામા ઉપર આધાર રાખી શકાય તેમ નથી. આ ઉપરાંત આંક–૪૦ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું રજૂ થયેલ છે. ઉપરોક્ત પંચનામું જોતાં સદર સ્થળે ઈજા પામનારને ઈજા થયેલાનું સાબિત થાય છે. પરંતુ, તેવી ઈજા કોણે કરેલી કે કોના દ્વારા ઈજા પહોંચાડવામાં આવેલ છે, તે ફરિયાદ પક્ષ સાબિત કરી શકેલ નથી. આ ઉપરાંત, જે સ્થળે બનાવ બનેલ છે, તે વિસ્તારના કોઈ સીસીટીવી ફૂટેજ પણ રજૂ કરવામાં આવેલ નથી.

(૩૨) ફરિયાદ પક્ષે રજૂ થયેલ પોલીસ સાહેદનો પુરાવો વંચાણે

લેતાં તેઓએ તેમની ફરજની રૂએ કરેલ કાર્યવાહી સંબંધે પુરાવો આપેલ છે. પોલીસ સાહેદો નજરે જોનાર સાહેદો નથી. ફરિયાદી તથા બનાવ સમયે હાજર સાહેદો વિમુખ જાહેર થયેલ છે. તેમના પુરાવાથી બનાવની હકીકતને સમર્થન મળેલ નથી. તદ્ઉપરાંત આ કામે એફ.એસ.એલ. અધિકારી–વિજયકુમાર ભગતભાઈ પટેલને આંક–૭૬ થી તપાસવામાં આવેલા છે, તેઓએ તેમની જુબાનીમાં ટેલિફોનિક વર્ધી મળતાં સ્થળ પરીક્ષણ કરેલાનું અને સ્થળ પરીક્ષણ દરમ્યાન ફરિયાદીના બનાવ સમયે પહેરેલ કપડાંઓ, કંટ્રોલ માટી, રૂધિર, ગુના સમયે ઉપયોગમાં લીધેલ તિક્ષ્ણ હથિયાર વગેરે કબજે લઈ એફ.એસ.એલ. ખાતે મોકલવા સૂચન કરેલ. જે સંબંધે એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ પત્ર સાથેનો બાયોલોજી પરીક્ષણનો અહેવાલ આ કામે આંક–૮૭ થી રજૂ થયેલ છે. જે વંચાણે લેતાં મરણ જનારનું જે રૂધિર કબજે કરેલું તે જૂથ–"એ" નું હોવાનું જણાય આવેલ છે. સદર ગુનાના કામે કબજે લેવામાં આવેલા મરણ જનારના કપડા ઉપર તેમજ મુદ્દામાલ હથિયાર–ચપ્પુ ઉપર માનવ રૂધિર જૂથ–"એ" ની હાજરી મળી આવેલ છે. આ કામે ફરિયાદ પક્ષે એવી કોઈ તકરાર લેવામાં આવેલ નથી કે, આ કામે ઈજા પામનારના કપડાં ઉપરથી તેમજ મુદ્દામાલ હથિયાર ઉપરથી મળી આવેલ માનવ રૂધિર જૂથ–"એ" આરોપીઓનું છે. આમ, ઉપરોક્ત દસ્તાવેજના આધારે હાલના આરોપીઓએ આક્ષેપિત ગુનો કરેલ હોવાનું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી.

(૩૩) આ કામે પોલીસ સાહેદોનો પુરાવો જોવામાં આવે તો તેઓએ હાલના ગુના સંબંધે કરેલ કાર્યવાહીની વિગતો રેકર્ડ ઉપર આવે છે. પરંતુ તેઓના પુરાવાના સમર્થનકારક કોઈ સ્વતંત્ર સાહેદનો પુરાવો રજૂ કરવામાં આવેલ નથી. આ કામે ત.ક. અમલદારના પુરાવો વંચાણે લેતાં સ્વાભાવિક હાલના કેસના આરોપીઓની સંડોવણી ગુનામાં કઈ રીતે છે તે આ સાહેદ જ સ્પષ્ટ કરી શકે. પરંતુ, આ સાહેદની જુબાનીમાં આરોપીઓની ગુનામાં સંડોવણી સાબિત થતી નથી. વધુમાં, જે કહેવાતા તટસ્થ સાહેદો એટલે કે, પંચો જેમની રૂબરૂ આરોપીઓની અટક થયેલ છે અને મુદ્દામાલ કબજે થયેલ છે તેમણે પોલીસે લખેલા તૈયાર પંચનામામાં સહી લીધી હોવાનું

જણાવેલ છે. આમ, સમગ્ર રીતે ફરિયાદમાં જણાવેલ ગુનો શંકાસ્પદ બને છે. પોલીસ સાહેદોની જુબાની કે જેને સ્વતંત્ર સાહેદો અથવા તો નજરે જોનાર સાહેદોની જુબાનીથી સમર્થન મળતું નથી તેવી જુબાની ઉપર આધાર રાખવો તેવો કોઈ કાયદો નથી. પરંતુ, પોલીસ તપાસમાં સમગ્ર બનાવ શંકાસ્પદ બનતો હોય ત્યારે ફક્ત પોલીસ સાહેદોની જુબાનીથી આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહીં અને તે પણ પોલીસ સાહેદોની જુબાનીમાં પંચોની તથા આરોપીઓની હાજરી બિનશંકાસ્પદ સાબિત ન થતી હોય તેવા કેસમાં ફક્ત પોલીસ સાહેદોની જુબાની ઉપર આધાર રાખી શકાય નહીં.

(૩૪) ફરિયાદ પક્ષે ફરિયાદી/ઈજા પામનારની સારવાર કરનાર ડૉક્ટરશ્રીને તપાસેલા છે. સદર તબીબ સાહેદે ઈજા પામનાર/ફરિયાદીને તેમને થયેલ ઈજાઓની સારવાર કરેલ છે. ઈજા પામનારે ડૉકટર સમક્ષની હિસ્ટ્રીમાં તેમને ઈજા પહોંચાડનાર કોઈ ઈસમના નામ જણાવેલ નથી. માત્ર દસથી પંદર ઈસમોએ તલવાર તથા ચપ્પુ વડે હુમલો કરતાં ઈજા થયેલાની હિસ્ટ્રી જણાવેલ છે. સદર સાહેદે મુદ્દામાલ આર્ટિકલ હથિયારો જોઈને ફરિયાદીને જે ઈજાઓ થયેલી છે તેવા પ્રકારની ઈજાઓ થઈ શકે તેવું જણાવેલ છે. પરંતુ આ કામે ખુદ ઈજા પામનાર/ફરિયાદીએ પોતાના પુરાવામાં હાલના આરોપીઓએ તેમને હથિયાર વડે ઈજા કરેલ છે, તેવું જણાવેલ નથી. મેડીકલ પુરાવાને ફરિયાદીના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતું નથી. આમ, આરોપીઓની સંડોવણી તે ઈજામાં હોવાનું ફરિયાદ પક્ષ સાબિત કરી શકેલ નથી. જેથી સદર સાહેદનો પુરાવો ફરિયાદ પક્ષના કેસને મદદરૂપ થતો નથી. વધુમાં, આ કેસમાં બનાવ સમયે હાલના આરોપીઓ બનાવના સ્થળે હાજર હોય અને તેઓએ આક્ષેપિત ગુનો કરેલો હોય તેવો કોઈ જ માનવાલાયક પુરાવો રેકર્ડ ઉપરથી જણાય આવતો નથી.

(૩૫) ફરિયાદ પક્ષે આ કામે ફરિયાદી/ઈજા પામનારનું ડી.ડી. લેનાર એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટને આંક–૭૦ થી તપાસેલ છે, તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, મિશન હોસ્પિટલમાં તેઓએ ઈજા પામનાર પેશન્ટ જમીલખાન આમીરખાન પઠાણનાઓનું તેમની રૂબરૂનું સવાલ–જવાબના

રૂપમાં ડી.ડી. લીધેલ અને જે બાબતે તેઓના ડાબા હાથના અંગુઠાનું નિશાન કરાવેલ અને તેમાં તેમણે સહી કરેલી. પરંતુ આ કામે ફરિયાદીએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ હોસ્પિટલમાં દાખલ હતા ત્યારે એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ સાહેબ તેમને પૂછવા આવેલા તેમને પણ તેમણે તેમની સાથે ધક્કામુક્કીમાં પડી જતાં ઈજા થયેલાનું જણાવેલું. આમ, સદર સાહેદના પુરાવાને ફરિયાદીના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતું નથી. આમ, આરોપીઓની સંડોવણી તે ઈજામાં હોવાનું ફરિયાદ પક્ષ સાબિત કરી શકેલ નથી. જેથી સદર સાહેદનો પુરાવો ફરિયાદ પક્ષના કેસને મદદરૂપ થતો નથી.

(૩૬) વધુમાં, આ કામે ત.ક.અમલદારે મુદ્દામાલ કબજે કરેલાનું જણાવેલ છે અને મુદ્દામાલ ઓળખી બતાવેલ છે. પરંતુ આ કામે મુદ્દામાલ કબજે કરેલાના પંચ સાહેદ હોસ્ટાઈલ જાહેર થયેલ છે અને તેઓએ જણાવેલ છે કે, તેમની હાજરીમાં કોઈ ચીજવસ્તુ કબજે કરેલ હોય, તેવું બનેલ નથી. તેઓ પોલીસ સાથે કોઈ જગ્યાએ ગયેલ હોય અને આરોપીઓને પકડેલ હોય, તેવું પણ બનેલ નથી. મુદ્દામાલ તેમની હાજરીમાં કબજે કરવામાં આવેલ નથી, તેવું જણાવેલ છે. તેવા સંજોગોમાં જયારે મુદ્દામાલ કબજે કરેલાના પંચ સાહેદ હોસ્ટાઈલ જાહેર થયેલ હોય, મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું રજૂ થયેલ હોય, તેને પંચ સાહેદની જુબાનીથી સમર્થન પ્રાપ્ત થતું નથી. આરોપીઓને સ્થળ પરથી મુદ્દામાલ સાથે પકડેલા હોવાની હકીકત નિઃશંકપણે પુરવાર થતી નથી. કોઈ તટસ્થ સાહેદોના નિવેદનો લીધેલ નથી. જેથી હાલના આરોપીઓએ જ આક્ષેપિત ગુનો કરેલ હોવાની હકીકતને પંચ સાહેદોની જુબાનીથી સમર્થન પ્રાપ્ત થતું નથી. જેથી આરોપીઓને સ્થળ પરથી મુદ્દામાલ સાથે પકડેલા હોવાની હકીકત નિઃશંકપણે પુરવાર થતી નથી. તેવા સંજોગોમાં ઉપરોકત જણાવેલ કારણોસર પોલીસ સાહેદોનો પુરાવો વિશ્વસનીય જણાય આવતો નથી.

(૩૭) વધુમાં, આ કામે બનાવના દિવસે, સમયે અને સ્થળે પોલીસ કમિશનરશ્રીનું જાહેરનામું અમલમાં હતું તે અંગે કોઈ મૌખિક પુરાવો રજૂ થયેલ નથી તેમજ ઈજા પામનાર ઉપર આ કામના આરોપીઓએ

બનાવના દિવસે, સમયે અને સ્થળે હથિયારથી હુમલો કરેલ હોય, તે અંગેનો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં, બનાવના દિવસે, સમયે અને સ્થળે મે.પોલીસ કમિશનરશ્રીનું જાહેરનામું અસ્તિત્વમાં અને અમલમાં હતું, તેમ માની લેવામાં આવે તો પણ આરોપીઓએ તેવું હથિયાર ધારણ કરેલ હોય, તેવું ફરિયાદ પક્ષે પુરવાર કરેલ નથી તથા આરોપીઓ પાસેથી જે હથિયાર કબજે કરવામાં આવેલ છે, તે પંચનામાના પંચ સાહેદોએ પણ પંચનામાની હકીકતને સમર્થન આપેલ નથી. જેથી આરોપીઓ વિરુદ્ધ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો નિઃશંકપણે પુરવાર થતો નથી.

(૩૮) હાલના કેસના ફરિયાદી કે જે પોતે જ ભોગ બનનાર છે તેમણે, તેમના પત્નીએ તથા ફરિયાદ પક્ષ દ્વારા રજુ થયેલા નજરે જોનારા સાહેદોએ કોઈએ ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપેલ નથી. ફરિયાદી કે જે પોતે ભોગ બનનાર છે તેણે પણ ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપેલ નથી અને બે પક્ષ વચ્ચે ધક્કા મુક્કી થતાં પડી જતા ઈજા થયેલાનું જણાવેલ છે. આમ, ફરિયાદ પક્ષનો રેકર્ડ પરનો રજૂ થયેલ પુરાવો જોવામાં આવે તો, આ કામના ફરિયાદી-જમીલખાન અમીરખાન પઠાણ તથા તેના મિત્રોએ ત્રણેક વર્ષ પહેલાં ભેગા મળી આરોપીઓનો ભાઈ મજીદખાન પઠાણનું ખૂન કરેલ હતું તે અંગેનો ખૂન કેસ ખટોદરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ છે તે કેસમાં ખટોદરા પોલીસે ફરિયાદી જમીલ તથા તેના મિત્રોની ધરપકડ કરેલ હતી, જે પૈકી જમીલ પેરોલ રજા ઉપર છૂટયા બાદ પણ હાજર થયેલ ન હતો અને તે મજીદખાનના મર્ડર કેસમાં મજીદના ભાઈઓ તથા તેના માતા-પિતાનાઓની સાથે સમાધાન કરી લેવા માટે અવારનવાર કહેતો હતો તેમજ વાયા કોઈને કહેવડાવતો હતો પરંતુ મજીદખાન સગાસંબંધીઓ તેની સાથે સમાધાન કરવા રાજી ન હતા. જેથી આ જમીલ કહેતો હતો કે, "તુમ સબ કો દેખ લુંગા જૈસા મજીદ કા ખૂન કરા હેના અબ તુમ મેસે તૈયાર રહેના અબ મે કિસીકો છોડુંગા નહીં." તેવી ધમકી આપતો હતો. તા.૧૩/૦૯/૨૦૧૮ ના રોજ આ કામના ફરિયાદી જમીલખાન એકલો આરોપીઓના મહોલ્લામાં આવી આરોપીઓ ઉભા હતા તે વખતે કહેતો હતો કે, "મજીદકા ખૂન કેસ કા મેરે સાથ સમાધાન કર

લો નહીં તો તુમારે સાથ મેં ભી મજીદ જૈસા કાંડ હોગા તેવી ધમકી આપી ગાળ–ગલોચ કરી તેની ટુ ટવેન્ટી પલ્સર મોટર સાઈકલ ઉપર ચાલી ગયેલ હતો. ત્યારબાદ આરોપી શેરૂખાન પઠાણ ભાઠેના ચાર રસ્તા ઉપર આવેલ હુસેન ચા વાળાની દુકાન ઉપર ચા પીવા માટે ગયેલ તે વખતે જમીલખાન પઠાણ પણ ત્યાં ચા ની દુકાન પાસે તેના મિત્રોની સાથે હાજર હતો જેથી આરોપી શેરૂખાન પઠાણે તેના ઘરે જઈ, સાથેના આરોપીઓને કહેતા તેઓ બધાએ ભેગા થઈ નક્કી કરેલ કે, આ જમીલ આપણને મજીદના ખૂન બાબતે પોતાની સાથે સમાધાન કરી લેવા માટે અવારનવાર ધાક–ધમકીઓ આપી દબાણ કરે છે, તે ભવિષ્યમાં આપણી સાથે કોઈ પણ પ્રકારનું ગુનાહિત કૃત્ય કરી શકે તેમ છે, જેથી આ જમીલનું કંઈ કરવું પડશે તેવું બધાએ નક્કી કર્યા બાદ આજે જમીલ પઠાણનું પૂરું કરી દઈએ તે જમીલ પઠાણ, ભાઠેના ચાર રસ્તા ઉપર હુસેન ચા વાળાની દુકાન પાસે ઉપર ઉભો છે તે વાત કરી તમામ આરોપીઓ પોતાના ઘરેથી હથિયાર તેમજ લાકાડના ફટકા લઈ નીકળેલ, જેમાં આરોપી–શેરૂખાન પઠાણ ઉપર એક ચપ્પુ તથા આરોપી–સત્તારખાન ઉર્ફે દાઢી પઠાણની પાસે એક લાકડાનો ફટકો તથા આરોપી–સલાઉદ્દીન ઉર્ફે કાલુ સત્તાર પઠાણના હાથમાં તલવાર તથા આરોપી–ચાંદ સત્તાર પઠાણનાએ તેના હાથમાં લાકડાનો ફટકો તથા આરોપી–સદ્દામ સત્તાર પઠાણનાએ તેના હાથમાં પ્લાસ્ટીક કાપવાનો લાંબો છરો તેમજ આરોપી અબ્દુલકહાર સત્તાર શેખનાએ તેના હાથમાં લાકડાનો ફટકો લઈ તા.૧૪/૦૯/૨૦૧૮ ના રોજ કલાક ૧:૩૦ વાગ્યાના સમયે ભાઠેના BRTS ચાર રસ્તા પાસે સલાબતપુરા, સુરત ખાતે હુસેન ચા વાળાની દુકાન પાસે ગયેલ તે વખતે ફરિયાદી જમીલખાન પઠાણ ત્યાં તેના મિત્રો સાથે વાત કરતો હતો તે વખતે તમામ આરોપીઓએ જમીલખાન પઠાણ ઉપર અચાનક હુમલો કરી દીધેલ તે વખતે તેના મિત્રો ત્યાંથી ભાગી ગયેલ હતા અને આ કામના ફરિયાદી જમીલખાન પઠાણને તમામ આરોપીઓએ ભેગા મળી આડેધડ તેના શરીરે માથાના ભાગે જમણી આંખ ઉપર બંને હાથના કાંડા ઉપર તથા પેટની જમણી બાજુ તથા પીઠના પાછળના ભાગે જીવલેણ ઈજાઓ કરી તેમજ બંને હાથના કાંડાના ભાગે ફ્રેકચરની ગંભીર ઈજા કરી, નાસી જઈ, તેમજ આ કામના આરોપીઓએ જાહેરમાં પ્રાણઘાતક હથિયારો તલવાર, લાકડાના ફટકાઓ, ચપ્પુ, છરો

ધારણ કરી, ફરિયાદીના શરીરે માથાના ભાગે જમણી આંખ ઉપર બંને હાથના કાંડા ઉપર તથા પેટની જમણી બાજુ તથા પીઠના પાછળના ભાગે જીવલેણ ઈજાઓ પહોંચાડી તેમજ બંને હાથના કાંડાના ભાગે ફ્રેકચરની ગંભીર ઈજા પહોંચાડી, પોલીસ કમિશ્નરશ્રી, સુરત શહેરના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી, આ કામના આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭, ૩૨૬, ૩૨૫, ૩૨૩, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦(બી) તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબનો ગુનો કરેલા છે, તે હકીકત ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી. આમ, ફરિયાદપક્ષ આરોપીઓ વિરુદ્ધ આંક–૧૦ ના તહોમતનામામાં જણાવ્યા મુજબના આક્ષેપો મુજબનો ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે.

(૩૯) ઉપરોકત મુદ્દાઓમાં ચર્ચા કરી, તેને ધ્યાનમાં લેતાં, ફરિયાદપક્ષ આરોપીઓ વિરુદ્ધ આંક–૧૦ થી ફરમાવવામાં આવેલ તહોતમનામા મુજબના ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭, ૩૨૬, ૩૨૫, ૩૨૩, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦(બી) તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબનો ગુનો નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, મુદ્દા નંબર–૧ નો નિર્ણય "**નકારાત્મક**" ઠરાવવામાં આવે છે અને મુદ્દા નંબર–૨ અંગે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છેઃ–

## હુ ક મ

૧. ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૩૫(૧) અન્વયે **આરોપી નં.(૧) શેરખાન ઉર્ફે ભુરા સત્તારખાન પઠાણ,** ઉં.૧૯ વર્ષ, ધંધોઃ માર્કેટમાં હમાલી કામ, રહેવાસીઃ ઘર નં.૧૪૩, ભાઠેના–૧, પંચશીલનગર, ઉમીયામાતાના મંદિરની પાછળ, ખટોદરા, સુરત તથા મૂળ રહેવાસીઃ કારપેટ મહોલ્લો, ગામ મલકાપુરા, તા.મલકાપુર, જિ.બુલઢાણા (મહારાષ્ટ્ર) તથા **આરોપી નં.(૨) સલાઉદ્દીન ઉર્ફે કાલુ સત્તારખાન પઠાણ,** ઉં.૨૨ વર્ષ, ધંધોઃ માર્કેટમાં હમાલી કામ, રહેવાસીઃ ઘર નં.૧૪૩, ભાઠેના–૧, પંચશીલનગર, ઉમીયામાતાના મંદિરની

પાછળ, ખટોદરા, સુરત તથા મૂળ રહેવાસીઃ કારપેટ મહોલ્લો, ગામ મલકાપુરા, તા.મલકાપુર, જિ.બુલઢાણા (મહારાષ્ટ્ર) તથા **આરોપી નં. (૩) સદ્દામખાન સત્તારખાન પઠાણ,** ઉં.૨૫ વર્ષ, ધંધોઃ સર્વિસ સ્ટેશન, રહેવાસીઃ ઘર નં.૧૪૩, ભાઠેના-૧, પંચશીલનગર, ઉમીયામાતાના મંદિરની પાછળ, ખટોદરા, સુરત તથા મૂળ રહેવાસીઃ કારપેટ મહોલ્લો, ગામ મલકાપુરા, તા.મલકાપુર, જિ.બુલઢાણા (મહારાષ્ટ્ર) તથા **આરોપી નં.(૪) અબ્દુલકહાર સત્તાર શેખ,** ઉં.૩૮ વર્ષ, ધંધોઃ ડ્રાઈવીંગ, રહેવાસીઃ ઘર નં.૧૪૪, ભાઠેના-૧, પંચશીલનગર, ઉમીયામાતાના મંદિરની પાછળ, ખટોદરા, સુરત તથા મૂળ રહેવાસીઃ દાદરી ફળિયા, ગામ તરસાડી, કોસંબા, તા.બારડોલી, જિ.સુરત તથા **આરોપી નં.(૫) ચાંદ સત્તારખાન પઠાણ,** ઉં.૨૦ વર્ષ, ધંધોઃ નોકરી, રહેવાસીઃ ઘર નં.૧૪૩, ભાઠેના-૧, પંચશીલનગર, ઉમીયામાતાના મંદિરની પાછળ, ખટોદરા, સુરત તથા રહેવાસીઃ ફલેટ નં.૪૦૩, ગુરુકૃપા એપાર્ટમેન્ટ, મોદી હોસ્પિટલ પાસે, કડોદરા, સુરત તથા મૂળ રહેવાસીઃ કારપેટ મહોલ્લો, ગામ મલકાપુર, તા.મલકાપુર, જિ.બુલઢાણા (મહારાષ્ટ્ર) નાને [સલાબતપુરા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજિ.નં.૩૨૫/૨૦૧૮] **ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૭, ૩૨૬, ૩૨૫, ૩૨૩, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૧૨૦(બી) તથા જી.પી.એક્ટની કલમ-૧૩૫** મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી પૂરતા અને સંતોષકારક પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામના આરોપી નં.૧ થી ૫ નાઓ હાલના ગુનાના કામે જામીન મુક્ત હોઈ, તેઓએ રજૂ કરેલા જામીન તથા જાતમુચરકા રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામના પ્રત્યેક આરોપીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૪૩૭(એ) મુજબ, અપીલ કોર્ટમાં હાજર રહેશે, તેની ખાતરી આપતા છ માસના સમયગાળા માટેના **₹ ૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચીસ**

**હજાર પૂરા**) ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજૂ કરવા હુકમ કરવામાં આવે છે.

૪. સદર ગુનાના કામે કબજે કરવામાં આવેલ બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય વિત્યાબાદ નિયમાનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ ચુકાદો આજરોજ તારીખઃ **૦૨**[મી] માહે **જુલાઈ,** સને **૨૦૨૬** ના રોજ સુરત મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૨/૦૭/૨૦૨૬
સ્થળઃ સુરત.

**(સચીન પ્રતાપરાય મહેતા)**
સોળમા એડિશનલ સેશન્સ જજ,
સુરત.
GJ00934

TMP

નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ક્રિમિનલ અપીલ નં.૨૯૭૩/૨૦૨૫ મનોજભાઈ જેઠાભાઈ પરમાર (રોહિત) વિ. ગુજરાત રાજ્યના તારીખઃ ૧૫.૧૨.૨૦૨૫ ના રોજના ચૂકાદામાં આપવામાં આવેલ નિર્દેશ અનુસાર ...

## <u>પરિશિષ્ટ</u>

## <u>ફરિયાદ પક્ષે તપાસેલા સાહેદોનું લીસ્ટ</u>

| સાહેદ નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ૧ | ઈમરાન સલીમખાન પઠાણ | ગુનાવાળી જગ્યાનું પંચનામું (આંક-૧૯) ના પંચસાહેદ **(વિમુખ)** |
| ૨ | તનવીર ફારૂક શેખ | ગુનાવાળી જગ્યાનું પંચનામું (આંક-૧૯) ના પંચસાહેદ **(વિમુખ)** |
| ૩ | અબ્દુલગની સરદાર શેખ | ઈજા પામનારના કપડાં કબજે કર્યાનું પંચનામું (આંક-૨૭) ના પંચસાહેદ **(વિમુખ)** |
| ૪ | ઉસ્માન હબીબ સૈયદ | ડીસ્કવરી પંચનામું (આંક-૩૧) ના પંચસાહેદ **(વિમુખ)** |
| ૫ | જફીર અબ્બાસ શેખ | સાહેદ **(વિમુખ)** |
| ૬ | આસીફ ઈકબાલભાઈ પટેલ | સાહેદ |
| ૭ | સાકીર મોહમદ હુસેન શેખ | આરોપીનું અટક પંચનામું (આંક-૪૨) ના પંચસાહેદ **(વિમુખ)** |
| ૮ | નાસીર અબ્દુલ રહીમ શા | ડીસ્કવરી પંચનામું |

| | | |
|---|---|---|
| | | (આંક–૩૧) ના પંચસાહેદ **(વિમુખ)** |
| ૯ | મહંમદ સાજીદ મહંમદ સલીમ શેખ | આરોપીનું અટક પંચનામું (આંક–૪૨) ના પંચસાહેદ **(વિમુખ)** |
| ૧૦ | સઈદ શકુર મલીક | સાહેદ **(વિમુખ)** |
| ૧૧ | ફીરોઝખાન ઉર્ફે ગુડ્ડુ સરદારખાન પઠાણ | સાહેદ **(વિમુખ)** |
| ૧૨ | આબીદખાન સત્તારખાન પઠાણ | ઈજા પામનારના કપડાં કબજે કર્યાનું પંચનામું (આંક–૨૭) ના પંચસાહેદ **(વિમુખ)** |
| ૧૩ | અનિલ રામજગ પાઠક | સાહેદ **(વિમુખ)** |
| ૧૪ | હુસૈન છોટુભાઈ શેખ | સાહેદ **(વિમુખ)** |
| ૧૫ | રાજાભાઈ મુકેશભાઈ નાયકા | સાહેદ **(વિમુખ)** |
| ૧૬ | અકરમખાન બીસ્મીલ્લાહ ખાન પઠાણ | સાહેદ **(વિમુખ)** |
| ૧૭ | યોગેશ ચંદુભાઈ રાઠોડ | સાહેદ **(વિમુખ)** |
| ૧૮ | સંગીતાબેન જમીલખાન પઠાણ | સાહેદ **(વિમુખ)** |
| ૧૯ | જમીલખાન અમીરખાન પઠાણ | ફરિયાદી **(વિમુખ)** |
| ૨૦ | શૈલેષકુમાર બટુકભાઈ વાળંદ | એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ |
| ૨૧ | ડૉ.વિનેશ બાબુલાલ શાહ | ફરિયાદીની સારવાર કરનાર તબીબ |
| ૨૨ | વિજયકુમાર ભગવતભાઈ પટેલ | એફ.એસ.એલ. અધિકારી |
| ૨૩ | PI મુકેશ નટવરલાલ દવે | ફરિયાદીની ફરિયાદ લેનાર |
| ૨૪ | PI વિનોદભાઈ જોયતાભાઈ ચૌધરી | ત.ક.અમલદાર |

તા. ૦૨/૦૭/૨૦૨૬.
સ્થળઃ સુરત.

**(સચીન પ્રતાપરાય મહેતા)**
સોળમા એડિશનલ સેશન્સ જજ,
સુરત.
GJ00934

નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ક્રિમિનલ અપીલ નં.૨૯૭૩/૨૦૨૫ મનોજભાઈ જેઠાભાઈ પરમાર (રોહિત) વિ. ગુજરાત રાજ્યના તારીખઃ ૧૫.૧૨.૨૦૨૫ ના રોજના ચૂકાદામાં આપવામાં આવેલ નિર્દેશ અનુસાર ...

## <u>પરિશિષ્ટ</u>

## <u>ફરિયાદ પક્ષે રજૂ કરેલા દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટ</u>

| આંક | દસ્તાવેજી પુરાવાનું વર્ણન | ક્યા સાહેદ દ્વારા પુરવાર કરવામાં આવેલ છે? <u>સાહેદ નંબર</u> |
|---|---|---|
| ૧૯ | ગુનાવાળી જગ્યાનું પંચનામું. | ૧ |
| ૨૦ | મુદ્દામાલ આર્ટિકલ નં.૩ સાથે નીકળેલ પંચસ્લીપ. | ૧ |
| ૨૧ | મુદ્દામાલ આર્ટિકલ નં.૪ સાથે નીકળેલ પંચસ્લીપ. | ૧ |
| ૨૨ | મુદ્દામાલ આર્ટિકલ નં.૫ સાથે નીકળેલ પંચસ્લીપ. | ૧ |
| ૨૭ | ઈજા પામનારના કપડા કબજે કર્યાનું પંચનામું. | ૩ |
| ૨૮ | મુદ્દામાલ આર્ટિકલ નં.૧ સાથે નીકળેલ પંચસ્લીપ. | ૩ |
| ૨૯ | મુદ્દામાલ આર્ટિકલ નં.૨ સાથે નીકળેલ પંચસ્લીપ. | ૩ |
| ૩૧ | ડિસ્કવરી પંચનામું. | ૪ |
| ૩૨ | મુદ્દામાલ આર્ટિકલ નં.૬ સાથે નીકળેલ પંચસ્લીપ. | ૪ |
| ૩૩ | મુદ્દામાલ આર્ટિકલ નં.૭ સાથે નીકળેલ પંચસ્લીપ. | ૪ |
| ૩૪ | મુદ્દામાલ આર્ટિકલ નં.૮ સાથે નીકળેલ પંચસ્લીપ. | ૪ |

| | | |
|---|---|---|
| ૩૫ | મુદ્દામાલ આર્ટિકલ નં.૯ સાથે નીકળેલ પંચસ્લીપ. | ૪ |
| ૩૬ | મુદ્દામાલ આર્ટિકલ નં.૧૦ સાથે નીકળેલ પંચસ્લીપ. | ૪ |
| ૩૭ | મુદ્દામાલ આર્ટિકલ નં.૧૧ સાથે નીકળેલ પંચસ્લીપ. | ૪ |
| ૩૮ | મુદ્દામાલ આર્ટિકલ નં.૧૨ સાથે નીકળેલ પંચસ્લીપ. | ૪ |
| ૪૨ | આરોપીનું અટક પંચનામું. | ૭ |
| ૪૩ | મુદ્દામાલ આર્ટિકલ નં.૧૩ સાથે નીકળેલ પંચસ્લીપ. | ૭ |
| ૪૪ | મુદ્દામાલ આર્ટિકલ નં.૧૪ સાથે નીકળેલ પંચસ્લીપ. | ૭ |
| ૪૫ | મુદ્દામાલ આર્ટિકલ નં.૧૫ સાથે નીકળેલ પંચસ્લીપ. | ૭ |
| ૪૬ | મુદ્દામાલ આર્ટિકલ નં.૧૬ સાથે નીકળેલ પંચસ્લીપ. | ૭ |
| ૬૮ | ગુનાની ફરિયાદ. | ૧૯ |
| ૬૯ | ફરિયાદીનું મરણોન્મુખ નિવેદન. | ૧૯ |
| ૭૧ | ફરિયાદીનું મરણોન્મુખ નિવેદન લેવા બાબતની પોલીસ યાદી. | ૨૦ |
| ૭૪ | ડીસ્ચાર્જ સર્ટિફિકેટ | ૨૧ |
| ૭૫ | ફરિયાદીની સારવાર કર્યા અંગેનું મેડીકલ સર્ટિફિકેટ. | ૨૧ |
| ૭૭ | સ્થળ પરીક્ષણ કરી અભિપ્રાય આપવા અંગેની પોલીસ યાદી. | ૨૨ |
| ૭૮ | સ્થળ પરીક્ષણ અહેવાલ. | ૨૨ |
| ૮૨ | એફ.એસ.એલ.ને મુદ્દામાલ મળ્યાની પહોંચ. | ૨૪ |
| ૮૩ | ખટોદરા પો.સ્ટે.ના ગુનાના કામની એફ.આઈ.આર.ની નકલ. | ૨૪ |

| | | |
|---|---|---|
| ૮૪ | એફ.એસ.એલ.ના અભિપ્રાય બાબતે મુદ્દામાલના પૃથક્કરણ બાબતે લખેલ પત્ર. | ૨૪ |
| ૮૫ | રવાનગી નોંધ. | ૨૪ |
| ૮૬ | કલમ ઉમેરા અંગેની યાદી. | ૨૪ |
| ૮૭ | એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ પત્ર સાથેનો બાયોલોજીકલ પરીક્ષણ અહેવાલ. | ૨૪ |

તા. ૦૨/૦૭/૨૦૨૬.
સ્થળઃ સુરત.

**(સચીન પ્રતાપરાય મહેતા)**
સોળમા એડિશનલ સેશન્સ જજ,
સુરત.
GJ00934

નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ક્રિમિનલ અપીલ નં.૨૯૭૩/૨૦૨૫ મનોજભાઈ જેઠાભાઈ પરમાર (રોહિત) વિ. ગુજરાત રાજ્યના તારીખઃ ૧૫.૧૨.૨૦૨૫ ના રોજના ચૂકાદામાં આપવામાં આવેલ નિર્દેશ અનુસાર ...

## <u>પરિશિષ્ટ</u>

## <u>ફરિયાદ પક્ષે રજૂ કરેલા મટીરીયલ ઓબ્જેક્ટસ/મુદ્દામાલનું લીસ્ટ</u>

| મુ.આ. નં. | મુદ્દામાલનું વર્ણન | ક્યા સાહેદ દ્વારા પુરવાર કરવામાં આવેલ છે? <u>સાહેદ નંબર</u> |
|---|---|---|
| ૧ | ફરિયાદીએ બનાવ વખતે પહેરેલ એક નેવી બ્લુ કલરનું જીન્સ પેન્ટ તથા બે પગમાં પહેરવાના કાળા મોજા છે. | ૩ |
| ૨ | ચપ્પુ મૂકવાનું આર્મી કલરનું કવર છે. | ૩ |
| ૩ | ગુનાવાળી જગ્યાએથી કબજે કરેલ લોહીવાળું કોટન થ્રેડ અને કન્ટ્રોલ થ્રેડ. | ૧ |
| ૪ | કન્ટ્રોલ થ્રેડ. | ૧ |
| ૫ | ગુનાવાળી જગ્યાએથી કબજે કરેલ એક લાકડાના હાથાવાળો છરો. જે લાકડાના હાથાની લંબાઈ ૫ ઇંચ તથા છરાના પાનાની લંબાઈ ૧ ફૂટ ૫ ઇંચ જે છરાની પહોળાઈ સવા બે ઇંચ જે છરાનો આગળના ભાગે કાણું છે. | ૧ |
| ૬ | આરોપી-અબ્દુલ કહાર સત્તાર શેખ પાસેથી એક મરૂન કલરનું આખી બાંયનું શર્ટ તથા કાળા કલરનું પેન્ટ. | ૪ |
| ૭ | લાકડાનો ફટકો જેની લંબાઈ આશરે ૨ ફૂટ ૧ ઇંચ તથા પહોળાઈ આશરે ૪ સે.મી. તથા જાડાઈ ૨ સે.મી. છે, જેના એક છેડે બે કાણા તતા એક બાજુ તૂટેલ છે. | ૪ |
| ૮ | આરોપી-શેરખાન ઉર્ફે ભુરીયા પાસેથી એક લોખંડના હાથાવાળો જૂના જેવો કાટ ખાધેલ ગોળ હાથાવાળો છરો જેના હાથાની લંબાઈ ૫ ઇંચ જેના પાનીયાની લંબાઈ ૮ ઇંચ જે આગળથી વળેલ છે, જેની પહોળાઈ ૩ સે.મી. જે એક બાજુ અણીદાર છે, જેના ઉપર રતાશ | ૪ |

| | | |
|---|---|---|
| | પડતા છૂટાછવાયા ડાઘા છે. | |
| ૯ | આરોપી–શેરખાન ઉર્ફે ભુરીયા પાસેથી કબજે કરેલ પીળા કલરનું લાંબી બાંયવાળું ટીશર્ટ તથા કાળા કલરનું વાદળીવાળું લોઅર. | ૪ |
| ૧૦ | આરોપી–સલાઉદ્દીન ઉર્ફે કાલુ સત્તાર પઠાણ પાસેથી એક લોખંડના હાથાવાળી કાટ ચડેલ તલવાર જેનો લોખંડનો ગોળ હાથો તથા નીચે અર્ધ ગોળાકાર છે, જેના હાથાની લંબાઈ ૫ ઈંચ તથા પાનાની પહોળાઈ ૩.૫ સે.મી. જે એક બાજુ અણીદાર છે, જેના ઉપર રતાશ પડતા છૂટાછવાયા ડાઘા છે. | ૪ |
| ૧૧ | આરોપી–સલાઉદ્દીન ઉર્ફે કાલુ સત્તાર પઠાણે પહેરેલ એક કેસરી કલરનું આખી બાંયવાળું શર્ટ તથા વાદળી કલરનું જીન્સ પેન્ટ. | ૪ |
| ૧૨ | આરોપી–સદ્દામખાન સત્તારખાન પઠાણે પહેરેલ પોપટી તથા રાખોડી કલરનું આખી બાંયનું શર્ટ તથા જાંબલી કલરનું પેન્ટ. | ૪ |
| ૧૩ | આરોપી–ચાંદ સત્તારખાનનાઓએ બનાવ વખતે પહેરેલ એક ડાર્ક બ્લુ કલરની આખી બાંયનું ટીશર્ટ તથા બ્લુ કલરનું જીન્સ પેન્ટ. | ૭ |
| ૧૪ | આરોપી–ચાંદ સત્તારખાન પાસેથી સંચા મશીનનો ફટકો જેની લંબાઈ ૧ ફૂટ ૮ ઈંચ. જેના ઉપર બે કાણા છે, તેના ઉપર બે લાકડાના ટુકડા છે. | ૭ |
| ૧૫ | આરોપી–સત્તારખાન ગફ્ફારખાન પઠાણે બનાવ વખતે પહેરેલ પઠાણી સીલેટીયા કલરનો કુર્તો ડ્રેસ. | ૭ |
| ૧૬ | આરોપી–સત્તારખાન પઠાણે ગુનામાં વાપરેલ લાકાડનો ગોળ વાંસ જેની લંબાઈ આશરે ૨ ફૂટ ૧ ઈંચ તથા ગોળાઈ ૧ ઈંચ છે તેની ઉપર કોઈ દેખીતા લોહીના ડાઘા નથી. | ૭ |

તા. ૦૨/૦૭/૨૦૨૬.
સ્થળઃ સુરત.

**(સચીન પ્રતાપરાય મહેતા)**
સોળમા એડિશનલ સેશન્સ જજ,
સુરત.
GJ00934